
# અવધૂતી આનંદનો શબ્દકોષ

(અઘરા શબ્દોના અર્થ)



સંપાદક :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# અવધૂતી આનંદમાંથી

યમ : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

અહિંસા : કોઈ પણ પ્રાણિનો કોઈ પણ પ્રકારે કોઈ પણ હાલમાં દ્રોહ-મારવાનો વિચાર ન કરવો એટલે કે મન, વાણી કે શરીરથી કોઈને કદી પણ પીડા કરવી નહી.

સત્ય : મન-વાણીને સમાન રાખવા તે સત્ય કહેવાય. જેવું વિચારીએ તેવું જ બોલીએ તે સત્ય કહેવાય.

અસ્તેય : મન, વાણી અને કર્મ વડે પરદ્રવ્યમાં જે નિઃસ્પૃહતા તે અસ્તેય કહેવાય. (સ્તેય એટલે ચોરી-અસ્તેય એટલે ચોરી કરવી નહિ.)

બ્રહ્મચર્ય : મન, વાણી ને શરીરથી સર્વ અવસ્થામાં, સર્વદા, સર્વત્ર મૈથુનનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય કહેવાય.

અપરિગ્રહ : શરીરની રક્ષા માટે જોઈએ તે કરતાં વધારેના ભોગ સાધનોનો અસ્વીકાર

●

નિયમ : શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન

શૌચ : માટી અને જલથી બહારથી સ્થૂલ શરીરને પવિત્ર રાખવું તે બાહ્યશૌચ અને મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા દ્વારા હૃદયને પવિત્ર રાખવું તે અભ્યંતર શૌચ કહેવાય.

સંતોષ : પ્રારબ્ધ પ્રમાણે જે કાંઈ પ્રાપ્ત થાય તેમાં તૃપ્તિ રાખવી - તે બરાબર છે એમમાનવું - તે સંતોષ કહેવાય.

તપ : મન, વચન અને શરીરથી પાપ કર્મ ન કરવું તે તપ છે.

સ્વાધ્યાય : નિત્યપાઠ અને મંત્ર જપ તે સ્વાધ્યાય કહેવાય.

ઈશ્વર પ્રણિધાન : ઈશ્વરની ભક્તિ કરવી તે ઈશ્વર પ્રણિધાન કહેવાય.

**સંપાદક-લેખકઃ** પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬

**પ્રકાશક :** પ્રેમજયંતી સમિતિ
બી-૪૦૧, પરિશ્રમ ટાવર્સ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

**ગ્રાફિક્સ :** શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

**મુદ્રક :** અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

**આવૃત્તિ :** પ્રથમ,
જેઠ વદ ચૌદસ, ૨૦૬૬
બુધવાર, તા. ૩૦મી જુન, ૨૦૧૦

**પ્રત :** ૫૦૦

પુસ્તક પ્રાપ્તિસ્થાન :

૧. અવધૂત પુસ્તક ભંડાર, નારેશ્વર
ફોનઃ (૦૨૬૬૬) ૨૫૩૬૭૧

૨. શ્રી ગિરીશભાઈ કે. દવે
૧૧/એ, ન્યુ રાધિકા સોસાયટી,
ઈસનપુર, અમદાવાદ.
મો. ૯૯૭૯૭ ૩૮૬૬૬

**વીસ રૂપિયા**

# આશીર્વચન

આપણા ગુરુમહારાજે એમની નિજાનંદની મસ્તીની અનુભૂતિને શબ્દદેહ આપ્યો એના પરિણામરૂપ આપણને અવધૂતી આનંદનો ભજનસંગ્રહ મળ્યો. આ અવધૂતી આનંદ પુસ્તકરૂપે પ્રકાશિત થયું તેનું ૮૦મું વર્ષ ચાલે છે. એ સંદર્ભમાં ગામે ગામ અને શહેરે શહેરે ભજનો ગવાશે, પારાયણ થશે અને આ અંગે વક્તવ્યો પણ ગોઠવાશે.

ભક્તો ભાવભક્તિથી ભજનો ગાય એ જરૂરી છે. પરંતુ એમાં ઘણા શબ્દો સમજાતા ન હોવાથી એ ભજનોનો મર્મ પકડી શક્તા નથી. આ સંદર્ભમાં અવધૂતી આનંદના ભજનોના અઘરા શબ્દોનો અર્થ જણાવતો શબ્દકોષ એ મોંઘું સંભારણું બની રહેશે. શ્રીગુરુલીલામૃતનો શબ્દકોષ તૈયાર કર્યા પછીનો અવધૂતી આનંદનો આ શબ્દકોષ ભક્તોને મદદરૂપ બનશે એવી શ્રદ્ધા છે.

શ્રી કુલીનભાઈ ઉપર પૂ.શ્રીના અજસ્ર આશીર્વાદ ઉતરે એવી પ્રાર્થના કરીને એમના નિરામય સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવું છું. અવધૂતી આનંદના ભાવથી ભજનો ગાનારને આ પુસ્તક આશીર્વાદરૂપ નીવડો એવા ગુરુમહારાજના આશીર્વાદ સહ શુભેચ્છા પાઠવું છું.

૨૨-૬-૨૦૧૦ ॐ
કોઠિયાખાડ પ્રેમ

# કોષ-સંતોષ

શ્રીગુરુલીલામૃતનો શબ્દકોષ બહાર પાડ્યા પછી પ્રા. શ્રી કુલીનભાઈનો આ બીજો મહત્ત્વનો 'અવધૂતી આનંદ'નો કોષ બહાર પડે છે તેથી સંતોષ થાય છે કે ભવિષ્યમાં પૂ.શ્રીએ એમના સાહિત્યમાં વાપરેલા સર્વ શબ્દોનો સર્વગ્રાહી કોષ બહાર પાડતાં વાર નહીં લાગે.

સંતો સહેલું જ લખતાં-બોલતા હોય છે, છતાં એમના અનુભવની વાણીને સમજવી ઘણી વાર અઘરી પડે છે. વળી એમને ભાષાનો ભાર લાગતો ન હોવાથી વિશેષતઃ પૂ.શ્રી રંગ અવધૂતજીને કોઈ પણ ભાષાના શબ્દનો પ્રયોગ કરવાની છોછ હોતી નથી આથી પણ આવા અર્થ-કોષોની જરૂર. પ્રા. કુલીનભાઈને આ માટે ખૂબ ખૂબ અભિનંદનો!

શ્રી કુલીનભાઈના પ્રેરકબળ પૂ.ભાઈને આ માટે મારા પ્રણામ!

જો કે આવા ગ્રંથ આધારિત કોષોમાં શબ્દ જ્યાં વપરાયો હોય તેના સંદર્ભે અર્થ લેવાતો હોય છે. ભલે શબ્દના બે કે વધુ અર્થ થતા હોય. એ કાર્ય સુજ્ઞ વાચકો કરી લેતા પણ હોય છે.

પૂ.શ્રીના ચરણોમાં સા.દં. પ્રણામ કરી વિરમતાં પહેલાં શ્રી કુલીનભાઈને તથા તેમની સાથે આ માટે કાર્ય કરનારને અભિવાદન આપી પ્રાર્થું કે આવું આવું કાર્ય એ સૌ દ્વારા થતું રહે.

તા. ૨૨-૬-૧૦ ધીરુભાઈ જોષીના
પૂ. માજીની પુણ્યતિથિ શ્રીગુરુદેવદત્ત.
જેઠ સુ. ૧૧, ૨૦૬૬

# સંપાદકનો અર્ઘ્ય

અવધૂતી આનંદના ભજનસંગ્રહના પ્રથમ પ્રકાશનનું આ ૮૦મું વર્ષ ગામે ગામે અને બધા શહેરોમાં ઉજવાશે. ભજન, પારાયણ અને એની સમજૂતીના કાર્યક્રમો પણ ગોઠવાશે. આવા ઉત્સવમાં અવધૂતી આનંદના રચયિતાને એક અર્ઘ્ય આપવાના હેતુથી આ અઘરા શબ્દોનો અર્થ જણાવતો શબ્દકોષ પ્રકાશિત કરવાનું ઉચિત માન્યું.

આ શબ્દકોષ તૈયાર કરવામાં ઘણા બધાની મદદ લીધી છે, એમને શબ્દોના અર્થ પૂછ્યા છે. એમણે આપેલા સહકાર બદલ હું એમનો આભારી છું. ખાસ કરીને ડૉ. મુ. સુભાષભાઈ દવેની મદદનો ઉલ્લેખ કરવો રહ્યો. શબ્દકોષને વધુ અર્થસભર બનાવવામાં ડૉ. મુ. મફતભાઈ ભાવસારનો પણ ઋણી છું.

આ પુસ્તક મુ. સ્વ. શ્રી ટી. આર. જોષી સાહેબને અર્પણ કરતાં આનંદ અનુભવું છું. એમણે પૂ.બાપજીના સાહિત્યના પ્રકાશન કાર્યમાં કરેલી અથાગ મદદનું ઋણ ચૂકવવા માટે આ પુસ્તકનું પ્રકાશન એમને અર્પણ કરીને યત્કિંચિત્ ઋણ અદા કર્યાનો સંતોષ માનું છું. એમનો અને એમના સમગ્ર કુટુંબનો આભારી છું.

અવધૂતી આનંદની ૧૧મી આવૃત્તિને આધારે આ કેવળ ભજનોનો જ શબ્દકોષ છે.


ડૉ. મુ. ધીરુભાઈ જોષીએ શબ્દકોષને મઠારીને અને એ અંગે ‘કોષ-સંતોષ’ લખી આપીને મને ઉપકૃત કર્યો છે. એમનો ખૂબ ખૂબ ઋણી છું.

મારા પ્રેરકબળ અને ચાલકબળ સમા પૂ. પ્રેમ અવધૂતજીએ આશીર્વચન લખી આપ્યું તે બદલ હું એમનો ઋણી છું.

મારા કુટુંબીજનોના સહકાર વિના આ પ્રકાશન શક્ય બન્યું જ ન હોત.

ગુરુમહારાજના ચરણકમળમાં સા.દં. પ્રણામ કરી વિરમું છું. ભક્તોના સૂચનો આવકારું છું.

અમદાવાદ — પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
મો.: ૯૮૨૪૫ ૦૪૨૦૬



# રંગ અવધૂત મહારાજ

નારેશ્વર



# પ્રેમ અવધૂત

લીંચ

# પ્રેમાંજલિ



## સ્વ. શ્રી ત્રિકમજી રામજી જોષી

(ટી. આર. જોષી)

| જન્મ : | દેહવિલય : |
|---|---|
| દિવાળી, ૧૯૭૯ | જેઠ વદ ૧૩, ૨૦૬૫ |
| શુક્રવાર, તા. ૯-૧૧-૧૯૨૩ | રવિવાર તા. ૨૧-૬-૨૦૦૯ |

શબ્દ સમજની સૂઝ સોનેરી
રંગ-પ્રેમ પર ભાવ
સ્વીકારજો અમ ચરણવંદના
પાપીગણુ સદ્‌ભાવ

# સ્વ. ટી. આર. જોષી સાહેબ

મૂળ નામ ત્રિકમજી રામજી જોષી. પરંતુ બધા એમને ટી. આર. જોષી સાહેબના નામે જ ઓળખે. મૂળ જીવ શિક્ષકનો. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી એમ ચારે ભાષા ઉપર જબરજસ્ત પકડ. પ.પૂ. શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ પ્રત્યે ભારે શ્રદ્ધા અને પૂ. પ્રેમઅવધૂતજી પ્રત્યે પણ ઊંચો પ્રેમ.

ડૉ. ઈન્દુભાઈ દવે દ્વારા પ્રકાશિત 'શરણાગતનો તારણહાર' એમના પરિચયનું નિમિત્ત બન્યું. ખરેખર તો ગુરુમહારાજે મારા માટે લીલા જ કરી.

એમણે પ્રૂફ જોવાની આપેલી સેવા ભૂલી ભૂલાય નહિ એવી છે. આ સેવા કોઈ પણ જાતની અપેક્ષા વિના કરી. ઘરના બે રૂપિયા વાપર્યા હશે. પણ નિર્વ્યાજ સેવાને વિશુદ્ધ જ રાખી. શ્રીગુરુલીલામૃતનો શબ્દકોષ તૈયાર કરવામાં તો એમણે પોતાની જાત જ નીચોવી નાંખી હતી. એટલે અવધૂતી આનંદનો શબ્દકોષ એમને અર્પણ થાય છે એ તદ્દન ઉચિત અંજલિ છે.

એમના પુત્ર શ્રી વિનોદભાઈ અને પુત્રવધૂ જશુબેનનું આતિથ્ય સ્મરણિય છે.

મુ. જોષીકાકા ધાર્મિક વૃત્તિના હતા. સુંદરકાંડનો નિત્યપાઠ કરતા. અંતિમદિવસોમાં રોજ હનુમાન ચાલીસાના ૧૦૧ પાઠ કરતા, ગુરુવારે ૧૧ વાર દત્તબાવની કરતા અને વિષ્ણુ સહસ્રનામનો પણ પાઠ કરતા. આના પરિણામે જ શાંતિભર્યું મૃત્યુ પામ્યા.

મુ. જોષીકાકાના જવાથી એમનો પરિવાર તો રાંક બન્યો જ છે પણ રંગ પરિવારને પણ ભારે ખોટ પડી છે. ભગવાન રંગાવધૂતજી એમને પોતાના ચરણોમાં શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના.

કુલીન ગ. ઉપાધ્યાય

## અ

ૐ = પરબ્રહ્મવાચક શબ્દ (ૐ, તત્ અને સત્ એ પરબ્રહ્મનાં ત્રણ નામ છે.)

અઉર્મઝુદ = પારસીઓના ઈષ્ટદેવનું નામ

અક = દુઃખ (ક = સુખ, અ = નહિ)

અકરમી = અભાગી, કમનસીબ

અકામ = ઈચ્છા વગરનો, કામના રહિત

અકાળે = કવખતનું, અયોગ્ય સમયે

અક્ષ = આંખ, ઈંદ્રિય, રુદ્રાક્ષ

અક્ષમાલ = રુદ્રાક્ષની માળા

અક્ષમાલધર = રુદ્રાક્ષની માળા ધારણ કરનાર

અક્ષય = જેનો ક્ષય નથી થતો તે, અવિનાશી, ખૂટે નહિ તેવું

અક્ષર = અવિનાશી, જેનો નાશ (ક્ષર) નથી તે, પરમાત્માનું અવિનાશી સ્વરૂપ

અગમ = ઈંદ્રિયોને અગોચર, અગમ્ય, ઈંદ્રિયાતીત, ભાવિ

અગમગઢ = ઈંદ્રિયોને અગોચર (અગમ) કિલ્લો (ગઢ)

અગમવન = ઈંદ્રિય(ગો)થી જાણી શકાય નહિ એવું, ઈંદ્રિયાતીત

અગાધ = પુષ્કળ

અગાશ = અગાશી

અગોચર = ઈંદ્રિય (ગો)થી જાણી શકાય નહિ એવું, ઈંદ્રિયાતીત

અઘ = પાપ

અઘભંજના = પાપનો (અઘ) નાશ કરનાર (ભંજના), પાપભંજક

અઘહર = પાપ હરનાર

અઘહાર = પાપને હરનાર

અઘહારી = પાપ હરનાર

અઘારિ = પાપનો નાશ કરનાર, પાપનો શત્રુ (અરિ)

અચૈના = બેચેન, ચેન વગરના

અજ = અજન્મા, જેનો જન્મ (જ) નથી (અ) તે

અજ = આજે

અજા = માયા, નહીં જન્મેલી

અજા = બકરી

અજીઠાં = એઠાં

અર્જુન = સહસ્રાર્જુન

અજંપા = દરેક પ્રાણીના શ્વાસોચ્છવાસ સાથે થતો સોહંનો સ્વાભાવિક જપ

અજિન = મૃગછાલા, મૃગચર્મ, કાળિયાર મૃગનું ચામડું

અજોટું = જેનો જોટો નથી તેવું, અનન્ય

અજ્ઞ = અણસમજુ, અજ્ઞાની

અટવી = જંગલ, વન, (જન્મમરણરૂપી) જંગલ

અટારી = ઝરુખો, છજું

અડંગ = ધામા, અડિંગો જમાવવો

અતીતા = અતીત, થી પર

અત્રિસૂનુ = અત્રિના પુત્ર (સૂનુ), દત્તાત્રેય

અદકો = વિશિષ્ટ, વધારે

અદ્રિ = પર્વત, ગિરિ

અધબીચ = અધવચ્ચે, અડધે રસ્તે

અધવધરો = કાચી સમજવાળો, અર્ધદગ્ધ

અધારા = આધાર

અધ્યાસ = મિથ્યા આરોપણ, ન હોય તેવા ગુણધર્મોનું આરોપણ કરવું તે

અન = અન્ય, બીજું

અનઘ = પાપ (અઘ) રહિત (અન્), દોષ રહિત

અનઘા = પાપ વિનાની સ્ત્રી, માયા, દત્તભગવાનની શક્તિ

અનઘાપ્રિય = માયાપતિ, ભગવાન

અનભે = નિર્ભય, ભય વિનાનો

અનલ = અગ્નિ

અનલહક્ક = હું ખુદા (હક્ક) છું- હું બ્રહ્મ છું- અહં બ્રહ્માસ્મિ- જેવું સૂફી વાક્ય

અનલ્પ = ઘણું, પુષ્કળ, અલ્પ નહિ તે

અનહદ = યોગીઓને ત્રણ ગ્રંથીનો ભેદ થતાં સંભળાતો અનાહત ધ્વનિ, દશવિધ નાદ

અનહદ = બેશુમાર, હદ બહાર

અન્ત = ધ્યેય, મોક્ષ, મરણ

અનંગ = કામદેવ, અંગ વિનાનો

અનંત = જેનો અંત નથી તે, અવિનાશી, અસંખ્ય

અનંતદૃક્ = અનંત આંખોવાળા, જેની આંખોનો પાર નથી તેવા

અનારજ = અનાર્યનું અપભ્રંશ, અસભ્ય

અનાસક્ત = આસક્તિ વિનાનો, નિર્મોહ

અનાહતનાદ = શરીરમાંનો અંતર્ધ્વનિ, કશા સાથે અથડાયા (આહત) વિના (અન) થતો અવાજ (નાદ)

અનિકેત = નિશ્ચિત ઠામ વિનાનો, ચોક્કસ રહેઠાણ વિનાનો

અનિલ = પવન, વાયુ

અનુપમ = જેની ઉપમા નથી તેવું, બેજોડ, અવર્ણનીય

અનુભવ = આત્માનુભવ, પ્રત્યક્ષ જ્ઞાન, ઇંદ્રિયગમ્ય પરિચય

અનૃત = અસત્ય, જૂઠું, સાચું (ઋત) નહિ (અન્) તે

અપૂરું = અધૂરું, પૂરું નહિ તે

અબગુન = અવગુણ

અબધૂ = અવધૂ, અવધૂત

અબધૂત = અવધૂત

અબી = હમણાં જ, તરત જ

અબ્દ = વર્ષ

અબ્ધિ = સમુદ્ર, જળ (અબ્)નો ભંડાર (ધિ)
અભ્યંતર = અંતર (હૃદય) તરફ (અભિ)
અભેદ = ભેદ રહિત, ભેદભાવ વગરનો
અમિત = અપાર, અમાપ, માપ વિનાનું
અમૂલખ = ખૂબ કિંમતી
અમૃત પાથાર = અમૃતનું સરોવર
અમેયાત્મા = અમાપ સ્વરૂપ આત્મા
અયન = સ્થાન, ગતિ, (અહીંયાં સ્વરૂપ)
અર્ક = સૂર્ય, કિરણ, સત્ત્વ, કસ
અર્કે = સૂર્યમાં
અર્ચના = પૂજા, અર્ચા કરવી તે, કપાળે ચંદન લગાડવું તે
અર્ચા = પૂજા, કપાળે ચંદન લગાડવું
અર્ણવ = સમુદ્ર, સાગર
અર્યમા = પિતૃઓના અધિષ્ઠાતા, સૂર્ય, પિતૃઓમાં મુખ્ય તે
અર્શ = સાતમા આસમાન પર રહેલું ખુદાનું તખ્ત, પરમાત્માનું અકળ સ્વરૂપ
અર્શહવેલી = આરસની ઊંચી અને ફરસબંધી હવેલી
અલખ = લક્ષણાતીત, લક્ષથી પર, બ્રહ્મ
અલખ જગાના = પરમાત્માના અનિર્દેશ્ય સ્વરૂપનો બોધ કરવો
અલખ જગાવ = ઉચ્ચ સ્વરે સ્વાનુભવથી જીવ-બ્રહ્મની એકતાનું ગાન કરવું

અલમસ્ત = મસ્તાન, પુષ્ટ અને જોરાવર

અલિ = ભમરો, ભ્રમર

અલિપંક્તિ = ભમરા (અલિ)ની હાર (પંક્તિ)

અલેખ = અપાર

અલ્લાહ = ખુદા, ઈશ્વર

અવઘટ = ઘાટ વિનાના, જેનો કોઈ પણ જાતનો આકાર નથી એવું નિરંજન આત્મસ્વરૂપ

અવધપુર = અયોધ્યા

અવધૂ = અવધૂત

અવમાન = અવગણના, અપમાન

અવર = બીજો, બીજું

અવસાન = મોત, મૃત્યુ

અશન = ખાણું, ખાવું

અશેખ = અશેષ, તમામ, પૂરેપૂરું, પૂર્ણ

અષ્ટક = આઠનો સમૂહ, આઠ શ્લોકવાળું સ્તોત્ર

અસલી = મૂળ, ખરું, નકલી નહિ એવું

અસંગ = નિર્લેપ, સંગ વિનાનો, એકલો, આસક્તિ (સંગ) રહિત

અસંગ-અનલ = નિર્લેપતારૂપ અગ્નિ

અસિ = તરવાર

અસિધારથી = તરવારની ધારથી

અસુવન = આંસુ

અસ્થાન = સ્થાન, જગા

અહદ = પરમાત્મા

અહમદ = જીવાત્મા

અહંખાખ = અહંકાર બાળીને બનાવેલી ભભૂતિ, હુંપણા (અહં)નો
નાશ કરવો, રાખ કરવી

અહાલેક = ટહેલ, પોકાર

અહિ = સાપ

અહિગણ = સાપ (અહિ)નો સમૂહ (ગણ)

અહિવર = શ્રેષ્ઠ (વર) સાપ, વાસુકી

અંક = ખોળો, ગોદ

અંકે = ખોળામાં

અંત = છેવટ, છેડો

અંતરજામ = અંતર્યામી, અંતરમાં રહી નિયમન કરનારો (યામી)

અંતર દરસે = અંતર્દષ્ટિથી

અંતર હુજડો = અંતઃકરણરૂપી ઓરડો

અંતરંગ = અંતઃકરણ, નજીકનું, દિલોજાન, વિશ્વાસુ

અંતર્ચાળ = અદ્ધર, અધવચ્ચે

અંધતમ = ઘોર અંધકાર

અંધતમે = ઘોર અંધકારથી

અંધપ્રકાશ = ઇંદ્રિયોને અગોચર એવો સ્વરૂપપ્રકાશ

અંધા = જ્ઞાનરૂપી નેત્રથી રહિત

અંધો = આંધળો, અંતર્દષ્ટિવાળો

અંબર = આકાશ

અંબર = વસ્ત્ર, કપડું

અંબાર = પુષ્કળ, ઢગલો

અંબુજ = કમળ, પાણી (અંબુ)માં જન્મનાર, ઉગનાર (જ)

## આ

આકબત = પરલોક, મોક્ષ

આકળે = જણાય, ખબર પડે

આકંઠ = ઠેઠ કંઠ સુધી, ધરાઇને

આક્રંદ = વિલાપ, કારમું રુદન

આખર = અંતવેળા, છેલ્લી ઘડી

આખલો = સાંઢ

આગમ = શાસ્ત્રો

આગમ-અગોચર = શાસ્ત્રથી ન જાણી શકાય એવો

આગીકી = અગ્નિની, આગની

આટે = સૂકાઇ જાય

આઠ વટાવી = પ્રકૃતિ, મહત્ તત્ત્વ, અહંકાર ને પાંચ તન્માત્રા અથવા યોગપક્ષે ધ્યાનના આઠ પ્રકાર, અષ્ટસિદ્ધિને વટાવી

આઠોં જામ = આઠે પ્રહર, ચોવીસે કલાક (પ્રહર=ત્રણ કલાક)

આઠોં દિશ = આઠે દિશા (ચાર દિશા + ચાર ખૂણા)

આઠોં પાશ = દયા, લજ્જા, ભય, શોક, નિંદા, કુળ, શીલ અને જાતિ અભિમાન એ આઠ પાશ (બંધન)

આડે ગાલ સૂજાઉં = શિક્ષા કરવી, ગાલ સૂઝી જાય એ રીતે ગાલ ઉપર જોશથી મારવું.

આણ = આજ્ઞા, મનાઇ

આતશ = અગ્નિ

આદમ = માણસ, માનવી

આધિ = માનસિક પીડા

આન = બીજું, અન્ય

આન પડા = આવીને પડ્યો છું

આનંદ = વસ્તુના ઉપભોગથી મળતું સુખ, થતો આનંદ.

આપ = પોતાની જાત, પોતે, પોતાની જાતે, નિજસ્વરૂપ

આપ = પાણી

આપપર = પોતે અને બીજા (પર)

આપપંથી = સ્વાર્થી, પોતાની રીતે ચાલનારા

આપમાં = પાણીમાં

આપા = અહંકાર

આપાદશીર્ષ = પગ (પાદ) થી માથા (શીર્ષ) સુધી (આ)

આપાશૂન્ય = અહંકાર (આપા) રહિત (શૂન્ય)

આપો = અહંકાર, દેહાત્મ બુદ્ધિ

આબ = પાણી, જળ (ફારસીમાં)

આભૂષણ = ઘરેણાં, અલંકાર

આમય = રોગ

આયુરસી = આયુષ્યની દોરી (રસી)

આરસ = આયનો, દર્પણ, આરસી

આલસ્ય = આળસ

આલંબ = આશરો

આલા = ન્યારું, જુદુંજ

આલિ = ભવ્ય, ઉચ્ચ

આલિંગતી = ભેટતી, આલિંગન આપતી

આલી = ભ્રમર (મનરૂપી)

આલી = સખી, બહેનપણી

આવાગમન = જન્મમરણનો ફેરો

આવે = આવી મળે, કર્તવ્યપ્રવાહમાં સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય તે

આશુક = પ્રિયતમ, આશિક, પ્રેમી

આસાર = ઝાપટું, ધોધમાર વરસાદનું ઝાપટું

આહિર = ભરવાડ, રબારી

આંધી = ધૂમસ, ધૂળથી દિશાઓ ભરાઇ જાય એવું સખત વાવાઝોડું

## ઇ/ઈ

**ઇતઉત** = અહીં-તહીં

**ઇશ્ક** = સર્વાત્મભાવ, પ્રેમ

**ઇશ્કહકીકી** = ઇશ્વરી (હકીકી) પ્રેમ (ઇશ્ક), દૈવી પ્રેમ

**ઇંદ્રવરણું** = દેખાવમાં સારું પણ અત્યંત કડવું ફળ

**ઇંધન** = બળતણ, બાળવાના લાકડાં

## ઉ/ઊ

**ઉજાસ્યા** = પ્રકાશ્યા, ઉજાસ થયો

**ઉજાળ** = પ્રકાશિત કર

**ઉજેરા** = અજવાળું

**ઊઠવી** = ઊઠાડી, સજીવન કરી

**ઉત** = ત્યાં

**ઉદ્ગાર** = ઓડકાર, વાણી

**ઉદાસ** = દ્વંદ્વાતીત

**ઉદાસી** = સુખદુઃખ, જન્મમરણ વગેરે દ્વંદ્વોથી મુક્ત

**ઉદિયો** = ઉગ્યો

**ઉદેતાં** = ઉગતાં, ઉદય થતાં

**ઉધરે** = ઉદ્ધાર પામેલા, ઉગરે, ઉદ્ધાર પામે

ઉન્મની = મનની સંકલ્પ-વિકલ્પ રહિત સ્થિતિ

ઉપન્યુ = ઉપજ્યું, જન્મ્યું

ઉપર = પાર, એનાથી પર

ઉપલ = પથ્થર

ઉપસ્થ = શિશ્નને લગતું, જનનેંદ્રિય

ઉપાધિ = સામેથી આવતી પીડા

ઉપેક્ષા = અવગણના

ઉપોષણ = ઉપવાસ

ઉમરી = ઉંમર

ઉર્મિ = તરંગ, મોજાં, મનના સંકલ્પવિકલ્પાત્મક તરંગો

ઉલટ = હોંશ, ઉમંગ

ઉલૂક = ઘુવડ

ઉલ્લૂ = ઘુવડ

ઉલ્લે = પેલે, સામે

ઊઠવી = સજીવન કરી, ઊઠાડી

## ઋ

ઋક્ષે = નક્ષત્રમાં

## એ

એકડંડી = એક માણસ જઇ શકે એવી પગદંડી

**એકથી એક મુવા** = શબ્દથી મૃગ, સ્પર્શથી હાથી, રૂપમાં પતંગિયું, રસમાં માછલી અને ગંધમાં ભમરો એમ એક એક વિષયથી એક એક જણ મર્યા

**એકદિલી** = એક દિલ હોવું, મનમેળ

**એક્વા** = પાણી (ગ્રીક ભાષામાં)

**એકેશ્વરી** = ઈશ્વર એક જ છે એવું

**એબ** = દોષ, ખામી, ખોડખાંપણ

**એશોઈસરતમસ્ત** = વિષયભોગમાં ચકચૂર

**એળે** = નકામું, વૃથા, ફોકટ

**એઠોં** = મોમાં ખાવાની વસ્તુ મૂક્યા પછી બહાર કાઢેલો ભાગ, જૂઠો

## ઐ

**ઐરાવત** = ઇંદ્રનો સાત સૂંઢનો કાલ્પનિક હાથી

## ઓ

**ઓચરે** = બોલે

**ઓચ્છવ** = ઉત્સવ

**ઓધાન** = ગર્ભ

**ઓપે** = શોભે

**ઓસડ** = દવા, ઔષધિ

**ઓસડીયું** = ઓસડ, ઔષધ

ઓહંગ = ૐનું અપભ્રંશ- અભણ લોકો એવો ઉચ્ચાર કરે છે

## ઔ

ઔર = અને, બીજું

ઔષધિ = ઓસડ, દવા

## ક

કજ્જલે = કાજળથી, આંખ આંજવાની મેંશથી

કટોરા = વાડકો

કટ્ટા = કિટ્ટા, અબોલા

કડાડે = કડડડ કરતું

કથવારો = બકવાદ

કપરા = કપડાં

કપાટ = કબાટ

કપિ = વાંદરો, વાનર

કબ = ક્યાં સુધી

કમરિયા = કામળી

કમલજાત = બ્રહ્મા, કમળમાંથી જન્મેલા

કમલિયા = કામળી

કમી કીધી = ઉણપ (કમી) આવવા દીધી

કરડે પોંચા = આશ્ચર્ય ચકિત થવું, દંગ થવું

કરતૂત = ખરાબ આચરણ, વર્તણૂંક

કરતુંબી = હાથમાં રાખેલી તુંબી (પાણી રાખવાનું પાત્ર)

કરમ ફૂટયા = કમનસીબ, ફૂટેલા નસીબ(કરમ)વાળા

કરાર = બાયબલ

કરી = હાથી

કરુણાપારાવારા = દયાના સાગર, અપાર દયાવાળા

કર્તાપના = હું કરું છું એવો કર્તૃત્વભાવ

કર્દમ = (વિષયરૂપી) કાદવ, અનસૂયાના પિતા કર્દમ ઋષિ

કલમા = કુરાન

કલિતાર = કળિયુગમાં તારનાર, જીવ-ઈશ્વરના ઝઘડામાંથી બચાવનાર

કલેશા = કલેશ

કલ્પદ્રુમ = કલ્પવૃક્ષ

કલ્પ બનાવું = રસાયણ બનાવું

કલ્લોલ = આનંદ, હરખ (કિલ્લોલ)

કવન = કવિતા કરવી, ગીત ગાવું

કષ્ટી = કષ્ટ, તકલીફવાળો

કહાડે = ગામનું નામ, સ્થળનું નામ છે

કહૈયા = કહેવાયો

કળ = યુક્તિ, કરામત, ચાંપ, યંત્રની ચાવી

કળ્યા = ખૂંપી ગયા

કંકરી = કાંકરી

કંજ = કમળ, પાણીમાં (કં) જન્મે (જ) તે

કંથ = પતિ, સ્વામી

કંથા = ચિંથરાનું બનાવેલું વસ્ત્ર, ગોદડી

કંદ = મૂળ કારણ

કાતીલ = જીવલેણ, ઘાતક

કાનન = જંગલ

કાન ફેરવી = વૃત્તિ અંતર્મુખ કરી, અંતર્મુખ બની

કામ = કામના, ઈચ્છા, કાર્ય, જાતીયવૃત્તિ

કામ = જીવ બચાવવાની ક્ષુદ્ર ઈચ્છા

કામકંકરી = કામરૂપી કાંકરી

કામકેશ = કામનારૂપી વાળ (કેશ)

કામચારી = સ્વેચ્છાએ ફરનાર, ઈચ્છા પ્રમાણે ફરનાર

કામમેષ = કામનારૂપી ઘેંટું (મેષ)

કામિલ = હોશિયાર, અનુભવી

કામી = વિષયી, વિષયાસક્ત

કાયકો = શા માટે? શું કામ?

કારમું = ભયંકર, શરમજનક

કાર્તવીર્ય = કૃતવીર્યનો પુત્ર, સહસ્રાર્જુન

કાલા = કાળો, કૃષ્ણ, મૃત્યુ

કાલા = નિર્દોષ, કાલો

કાલા = કાળ, મૃત્યુ

કાલિંદી = યમુના, કલિંદ પર્વતમાંથી નીકળતી યમુના નદી

કાવડી = કાવડ

કાષાયંબર = ભગવા રંગ (કાષાય)નું વસ્ત્ર (અંબર)

કાસન લાગી = પ્રકાશવા લાગી

કાસી = કાશી, (આત્મસ્વરૂપ)

કાસે = પ્રકાશે

કાળજ = કાળજું

કાળદંડી = કાળને પણ દંડનારો, શિક્ષા કરનારો

કાળદૂતી = મોતનો દૂત

કાળિયો = ભગવાન કૃષ્ણ (કાળો પુરુષ)

કાંધ = ખભો, ખાંધ

કિતાબાં = પુસ્તકો

કિન = લેકિન, પણ, પરંતુ

કિના = કર્યો

કિને = કર્યું

કિનો = કર્યો

કિન્નર = એક જાતનો દેવ, નપુંસક

કિમીયો = યુક્તિ, ઇલમ

કિરતાર = સૃષ્ટિ સર્જનાર, સ્રષ્ટા

કિરાત = પારધી, ભીલ, વનવાસી

કિશોરવયની = નાની ઉંમરની

કિસ્મકી = પ્રકારની, રીતની

કીટ = કીડો, જંતુ

કીની = કીધી, કરી

કીરત = કીર્તિ, પ્રતિષ્ઠા

કીલક = ખીલડો, ધરી, ખૂંટો

કુઇ = ખાનાં

કુચેલ = ફાટ્યું તૂટ્યું (કુ) વસ્ત્ર (ચેલ)

કુઠાર = કુહાડી

કુણ = કોણ

કુણપ = મડદું

કુન = આજ્ઞા

કુરાન = મુસલમાનોનો ધર્મગ્રંથ

કુલટા = ખરાબ ચારિત્ર્યવાળી સ્ત્રી

કુલી = કોળી, હીન

કુસુમ = ફૂલ, પુષ્પ

કુસુમાકર = વસંતઋતુ

કુહ = ઇડા, પીંગલાની જેમ એક નાડીનું નામ છે

કુંચિ = ચાવી

કુંજર = હાથી

કુંજા = કુંજ

કુંઠિત = બૂઠું, રૂંધાયેલું

કુંડી = કમંડળ

કૂકર = કુરકુર, કૂતરું

કૂજન = મધુર ગાન, મીઠો અવાજ કરવો

કૂટ = ભેદ અથવા ગૂંચવણભર્યું, કોયડાયુક્ત

કૂડ = કપટ, ઠગાઇ

કૂડકપટ = છળપ્રપંચ, દગોફટકો

કૂડાં = ખરાબ

કૂથલી = નિંદા

કૂફર = નાસ્તિકતા, ઈશ્વર વિશેના અવળા ખ્યાલો

કૃતાકૃત = કર્યું (કૃત) અને ન કર્યું (અકૃત)

કૃત્સ્ન = બધું, બધાં

કે = ક્યા (જાવું કે પંથ તિહારે)

કેડ = કમર

કેડી = પગદંડી, સાંકડો પગ રસ્તો

કેથે = ક્યાંય પણ, ગમે ત્યાં

કેફ = ઘેન, નશો

કેરાં = કેરડાં, અથાણું કરવા માટે વપરાતું ફળ

કૈરાં = કેરડાં, કરીર

કેલિ = ક્રીડા, રમત, રતિક્રીડા

કેવલકુંભક = રેચક પૂરકથી રહિત કુંભક

કેસ = કેશ, વાળ

કેસરી = સિંહ

કોટ = કિલ્લો

કોટભાણ = કરોડો (કોટ) સૂર્ય (ભાણ)

કોથી = કોઈનાથી

કોટિ = કરોડ

કોટે = ગળે

કોડે = હોંશથી, ઉમંગથી

કોરાન્ન = કોરું અન્ન, નિર્મળ, નિરંજન, નિર્વિકાર બ્રહ્મજ્ઞાન

કોલ = વચન, કબૂલાત, ખાતરી

કોશ = કોશીટો, પાંચ કોષ (અન્નમય, પ્રાણમય વગેરે)

કોહં = કઃ(કોણ) અહં(હું) હું કોણ છું?

કૌપિન = લંગોટી, કોપીન

ક્રિયા = આચરણ, કર્મ, વર્તન

ક્રિયૈક્ય = એક માત્ર ક્રિયાને મહત્ત્વ આપવું

ક્લીબ = નપુંસક, નામર્દ

## ક્ષ

ક્ષાળ = ધો, પખાળ

ક્ષિપ્ર = ઝટ, જલદી, તરત

ક્ષિતિજ = પૃથ્વી અને આકાશ મળતા જણાય તે કલ્પિત રેખા

ક્ષુદ્ર = તુચ્છ, પામર

## ખ

ખટ = છ

ખટમલ = માંકડ, માંકણ

ખટરસ = છ (ખટ) રસ. ખાટો, ખારો, તીખો, તૂરો, કડવો અને ગળ્યો.

ખટને પોષે = કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છને પોષે

ખટિયા = પલંગ

ખડ = ઘાસ

ખડાવ = પાદુકા, પાવડી

ખડ્ગ = નાની તલવાર

ખત્તા = નુકસાન, ઠોકર, ભૂલ

ખત્રી = ક્ષત્રિય

ખ-પુષ્પ = આકાશ ફૂલ, મિથ્યા કલ્પના, અશક્ય વાત

ખપ્પર = ભિક્ષાપાત્ર

ખર = ગધેડો

ખર ખર = એક પછી એક ખરતું

ખલ = લુચ્ચો માણસ, શઠ

ખલક = જગત, દુનિયા

ખલ્ક = ખલક, જગત, દુનિયા

ખલ્કદિવાના = દુનિયા (સાંસારિક વિષયો)ની પાછળ ગાંડો, જગત પાછળ ગાંડા બનેલા

ખલાન્તક = દુષ્ટ(ખલ)નો નાશ કરનાર (અંતક)

ખળ = ખલ, શઠ, ધૂર્ત

ખંડ = પૃથ્વીના પાંચ મોટા ભાગ, પૌરાણિક ભૂગોળ પ્રમાણે નવ ખંડ

ખંડ = ખાંડ

ખંજા = ત્રિભંગી કૃષ્ણ

ખંબ = સ્તંભ, થાંભલો

ખંભા = થાંભલો, સ્તંભ

ખાખર = પલાશ, કેસૂડો

ખાલ = ચામડી, ઝાડની છાલ

ખાલો = ચામડી

ખાલિક = સૃષ્ટિના કર્તા, સર્જનહાર, માલિક

ખાસી = ખૂબ, પુષ્કળ

ખાંતે = ખંતથી , ઉત્સાહથી

ખિલકત = સૃષ્ટિ

ખિલ્લી = ખિસકોલી

ખીજે = ગુસ્સે ભરાય, રોષે ભરાય

ખુદ = અહંકાર, પોતે, જાતે

ખુદા = મુસલમાનોના ભગવાન, ઈશ્વર

ખુદી = અહંકાર, હુંપણું, હુંપદ

ખુદી ખોકે = અહંકાર દૂર કરીને

ખુદીપતિ = અહંકારરૂપી પતિ

ખુશ્બો = સુવાસ, મહેંક

ખૂંટલડે = ખૂંટાએ, ખીલડે

ખૂંટી = ખૂંટો, ખીલડી

ખેચર = આકાશ (ખે)માં ફરનારા (ચર), પક્ષીઓ

ખેચરી = નિરાલંબ, એક યોગમુદ્રા જેમાં જીભની નીચેની નસ કાપવામાં આવે છે.

ખેદ = શોક, સંતાપ, દિલગીરી

ખોખું = સાર કાઢી લીધેલું અને પોલું

ખોજો = શોધો, તપાસ કરો

ખોલો = ગધેડો

ખ્વાર = ખુવાર, પાયમાલ

## ગ

ગગનકુસુમ = આકાશમાં ઊગતું ફૂલ, મિથ્યા કલ્પના, અશક્ય વાત

ગજ = હાથી, તંતુવાદ્ય વગાડવાનું ધનુષ જેવું સાધન

ગજરાજ = હાથી, હાથીઓનો રાજા

ગઠરી = પોટલી, નાનું પોટકું

ગત = ગતિ, અનુભવ

ગદા = (ગ= ધર્મ, જ્ઞાન, દા= આપનાર) દેવના હાથમાંનું એક આયુધ

ગદ્ય = વાંચવાનું લખાણ (ગવાય નહિ એવું)

ગમાર = અણસમજુ, મૂર્ખ, અક્કલ વગરનો

ગર = ફળની અંદરનો માવો

ગરલ = ઝેર, વિષ

ગર્થ = ધન, ગરથ, પૈસો

ગર્દભ = ગધેડો

ગર્દભી = ગધેડી

ગલગોટા = ગળું દબાવીને

ગહ = પકડ, ઝાલ

ગહના = ઘરેણું, ઘરેણાં

ગહરિયા = ઊંડા, ગહેરાં

ગહરાં = ઊંડા

ગહરી = ભારે

ગહાયા = ગ્રહણ કરાવ્યો, પકડાવ્યો

ગહે = ગ્રહે, પકડે

ગળ્યું = ગળી જવું

ગંજ = ખૂબ, ઢગલો

ગંડકી = નદીનું નામ

ગંધર્વપુર = ગાણગાપુર

ગાજે = ગર્જના કરે, ગાજવું

ગાત્ર = શરીરનો અવયવ, શરીરનો કોઇ ભાગ

ગાફેલ = અસાવધ, ગફલત કરનાર

ગાભમાં = ગર્ભમાં

ગામગપોડે = ગામની અફવારૂપ વાતોમાં

ગાંધર્વનગરે = ગાણગાપુરમાં

ગાંધર્વપુરે = ગાણગાપુરમાં

ગુણાતીત = (ત્રણે) ગુણોથી પર (અતીત)

ગુધડિયા = ગોદડી

ગુન બરનન = ગુણનું વર્ણન

ગુરુકંજપદધ્યાન = ગુરુના ચરણકમળનું ધ્યાન

ગુરુગમ = ગુરુ દ્વારા જ સમજાય તેવું

ગુરૂપસત્તિ (ગુરુ + ઉપસત્તિ) = મોક્ષેચ્છાથી ગુરુને શરણ થવું તે

ગુરુરાના = ગુરુરાય

ગુલો = ફૂલો

ગુલતાન = મશ્ગુલ, તલ્લીન, મગ્ન

ગુલામ = પરતંત્ર માણસ, માલિકની ઇચ્છા મુજબ રહેનારો

ગુંસાઇ = ઇંદ્રિયોના સ્વામી, પરમેશ્વર

ગૂડ = ગોળ

ગેબી = ગૂઢ, અગમ્ય

ગેરો = ફેંકી દીધા

ગેહ = ઘર

ગેહઉદ્યોગ = ઘરધંધામાં

ગેંદ = દડો, ત્રિગુણાત્મક વૃત્તિરૂપી દડો

ગોખલિયે = ગોખલામાં

ગોઝારો = ઘાતક, કારમો

ગોઠડી = મીઠી વાતડી, અંતરની પ્રેમની વાતો

ગોડ = માફક, પેઠે, જેમ

ગોડે = પેઠે, જેમ

ગોતા = ડૂબકી

ગોતે = સંબંધ

ગોરખ = ગોરક્ષ, (મત્સ્યેન્દ્રનાથનો શિષ્ય), ઇંદ્રિયો (ગો)ને સ્વાધીન રાખનાર (રખ)

ગોવારા = ગોવાળિયો, શ્રીકૃષ્ણ

ગોષ્ટી = ગોઠડી, વાતચીત

ગોસાંઇ = ઇંદ્રિયોના (ગો) સ્વામી (સાંઇ), પરમેશ્વર

ગ્રથે = ગૂંથે

## ઘ

ઘટ = શરીર, દેહ, ઘડો

ઘટપુર = શરીરરૂપી નગર

ઘટમઠે = ઘડાના આકારમાં અને મઠના આકારમાં

ઘડચાળ = ઝાલર, ઘંટ

ઘનનીલ = એકદમ શ્યામ, ઘેરો શ્યામ

ઘને = (૧) નક્કર સ્વાર્થ કે દેહવાસનાની ગંધથી રહિત (૨) વાદળ

ઘબડાવે = ગભરાવે

ઘુલવાના = ગાળી નાખવાનો, નરમ કરવાનો

ઘુંઘટ = ઘૂમટો, મોંને ઢાંકતું કપડું

ઘૃત = ઘી

ઘેર = ઘેરીને

ઘોટા = ગળું દબાવીને

## ચ

ચક્રષડ્ = મૂલાધારાદિ છ ચક્રો

ચકોર = એક પક્ષી, ચપળ, હોશિયાર

ચટપટી = તાલાવેલી, અતિ ઉત્સુક્તા

ચણક = ચણો

ચતુરાનન = બ્રહ્મા, જેને ચાર (ચતુઃ) મુખ (આનન) છે તે- બ્રહ્મા

ચપળા = લૌકિક ક્ષણભંગુર વીજળી, આકાશમાં થતી વીજળી, સૌદામિની

ચબીના = ચાવવા માટે

ચમન = બાગ, ઉપવન

ચરક-સુશ્રુત = બે જુના ધૂરંધર વૈદ્યો

ચલચિત્ર = સિનેમા

ચળે = ફેરફાર પામે, અસ્થિર બને

ચંગ = નિર્મળ, પવિત્ર

ચંગા = પવિત્ર

ચાટલડે = અરીસામાં, દર્પણમાં (ચાટલું = અરીસો)

ચાડી = ચુગલી, એકની વાત બીજાને કરી દેવી તે

ચાતક = એક પક્ષી જે કેવળ વરસાદનું જ પાણી પીએ છે તે

ચાપ = ધનુષ

ચામ = ચામડી, સ્થૂળ શરીર, ચામડું

ચાર, અઢાર અને છ = ચાર વેદ, અઢાર પુરાણ અને છ દર્શન

ચારથી પાર = ચાર પ્રકાર (પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી)ની વાણીથી પર

ચાળો = લટકો

ચાંચિયો = દરિયાઇ લૂંટારુ

ચિડિયાં = ચકલાં, પક્ષીઓ

ચિતાનળ = ચિતાનો અગ્નિ (અનળ)

ચિત્કલા = ચેતના શક્તિનો વિશિષ્ઠ આવિર્ભાવ

ચિત્તમળ = ચિત્તનો મળ, દોષ

ચિદ્ઘના = જ્ઞાન સ્વરૂપ

ચિદ્રસ = બ્રહ્મરસ

ચિદંબર = ચિદાકાશ

ચિદાભાસ = જીવ, ચિદમ્બર, બ્રહ્મ

ચિબુક = ગાલ

ચિંદડી = કપડાની લાંબી પટ્ટી

ચીન્હે = અનુભવે, જુએ

ચીલા = ઘરેડ, ગાડાથી પડેલો રસ્તો

ચીંટી = કીડી

ચુગાયા = ચરી ગયાં, ચણી લીધું, (પક્ષીઓ) ખાઇ ગયા

ચુનરી = ચૂંદડી, સંસારની આસક્તિરૂપી ચૂંદડી

ચુવા = ઉંદર

ચેત્ય = ચેતનાનો વિષય

ચેરા = ચેલા

ચેરો = ચેલો

ચેલ = સારું વસ્ત્ર

ચેલાચાટી = ચેલા અને ચેલી (શિષ્યા)

ચેષ્ટા = હાવભાવ

ચોગણું = ચાર ગણું

ચોટી = ચોટલી, શિખા

ચૌદિસે = ચારે દિશામાં

ચૌદ ચોકડી = ચૌદ લોકમાં

ચૌદમે માળ ઉપર = પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને ચતુર્વિધ અંતઃકરણની પાર

## છ

છન છન = ક્ષણ ક્ષણ, દરેક ક્ષણે, ઝાંઝરનો અવાજ

છપરા = છાપરું

છપે = છુપાઈ જાય, અદશ્ય થાય

છબીલો = દેખાવડો, મોહક, રૂપાળો

છંદ = ઇચ્છા, લત

છાટી = કપડાનો નાનો ટૂકડો, ગેરુ રંગનું ઉપવસ્ત્ર

છાલા = મૃગચર્મ

છાંડ = ત્યજવું, છોડી દેવું

છૂટાબારી = છૂટવાની બારી

છૂમંતર = ગુમ થઈ જવું, અલોપ થઈ જવું

છૂમંતર = જાદુ, જંતરમંતર

છેડ મા = વાત કર નહિ, ઉલ્લેખ કર નહિ

છેલ = છેલબટાઉ, વરણાગિયો માણસ

છેહ = દગો, વિશ્વાસઘાત

છોરાં = છોકરાંઓ

છોરે = છોડી દીધો

છોળ = તરંગ, ઉછાળો

## જ

**જગબત્રીસી** = લોકવાયકા, લોકનિંદા

**જટાજૂટ** = જટાને આંટો દઇ વાળેલો (વાળનો) ઝૂડો

**જડીબુટ્ટી** = જાદુઇ ગુણવાળું અકસીર ઔષધ, રામબાણ દવા

**જતિ** = યતિ, સંન્યાસી, સાધુ

**જનિ** = જન્મ

**જનિમૃતિ** = જન્મ (જનિ) મરણ (મૃતિ)

**જનિમૃતિહર્તા** = જન્મમરણ હરનાર

**જર** = પૈસો, નાણું

**જરા** = ઘડપણ, વૃદ્ધાવસ્થા

**જરિયન** = જરીના કસબવાળું, જરીનું, કસબી

**જરે** = પચે

**જર્જર** = અતિ વૃદ્ધ, તદ્દન જીર્ણ થઇ ગયેલું, જીર્ણ-શીર્ણ

**જલજાત** = પાણીમાંથી ઉત્પન્ન થયેલ પ્રાણી

**જલદ** = મેઘ, વાદળ, પાણી (જલ) આપનારું (દ), ઉગ્ર, આકરું

**જલલહરી** = પાણીનું મોજું, પાણીની લહેર

**જસ** = જેવી રીતે

**જહાંકે** = દુનિયાના

**જળનિધિ** = સમુદ્ર, સાગર, પાણી (જળ)નો ભંડાર (નિધિ)

**જંડા** = ઝંડો

જાકા = જેના

જાગરે = જાગતાં, જાગ્રત અવસ્થામાં

જાત્યવનચ્છિન્ન = જાતિથી પર

જાદવપતિ = યાદવપતિ, શ્રીકૃષ્ણ

જામ = યામ, પ્રહર, ત્રણ કલાકનો સમય

જામ = પ્યાલો, પડઘીવાળો પ્યાલો

જામા = મોટા ઘેરવાળો અંગરખો

જામેહક્ક = ઈશ્વરી આનંદ (હક્ક)નો પ્યાલો (જામ)

જાર = યાર, પરસ્ત્રી સાથે વ્યભિચાર કરનાર પુરુષ

જારી = છીનાળું

જાલા = જાળું, જંજાળ

જાલે = જલે, સળગે

જાયું = જન્મ્યું

જિતજિત = જ્યાં જ્યાં

જિન = એક જાતનું ભૂત (જંદ)

જીન્નત = સ્વર્ગ

જિમાયો = જમાડ્યું

જિયરો = જીવડો, જીવ

જીવન = પ્રાણપતિ, પરમેશ્વર

જીવનના કામ = જીવ બચાવવાની ક્ષુદ્ર ઈચ્છા

જુક્તિ = યુક્તિ, કરામત

જુગલરકી = નિર્દોષ આત્માનુભૂતિ

જુગ્તે = યુક્તિથી

જુધ = યુદ્ધ

જુવા = માથામાં પડતી જીવાત, જૂ

જે આવે = કર્તવ્યપ્રવાહમાં સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય તે, જે આવી પડે તે

જોગ = યોગ

જોગીડા = યોગીડા, યોગી

જોગીજંડા = મસ્ત, (લુચ્ચા માનસવાળો) યોગી

જોબન = યૌવન, યુવાની

## જ્ઞ

જ્ઞપ્તિ = જ્ઞાન, જાણવું તે, ભાન

જ્ઞાનકુઠારે = જ્ઞાનરૂપી કુહાડાથી

## ઝ

ઝડી = જોશભેર વરસવું તે

ઝમ ઝમ = કાબા પાસેનો પવિત્ર કૂવો

ઝંદાવેસ્તા = ઝંદ અવેસ્તા, પારસીઓનો મુખ્ય ધર્મગ્રંથ

ઝીમી ઝીમી = ઝરમર ઝરમર, ધીમી ધીમી

ઝૂરીયે = હીજરાઇએ, તલસીએ, કલ્પાંત કરીને ક્ષીણ થઇએ

## ટ

ટટ્ટુ = ઠીંગણું ઘોડું

ટર્યો = ટળ્યો, દૂર થયો

ટંકાર = ધનુષ્યની પણછનો અવાજ

ટંગ = ટાંગ, પગ

ટાર = ટાળ, દૂર કર

ટાર્યો = ટાળ્યો, દૂર કર્યો

ટાળ = કરતાલ

ટેર = ટહેલ, પોકાર

## ઠ

ઠમકાં = લટકાં કરી ચાલવું, ઠુમકા મારવાં

ઠાઠ = ભપકો, બહારનો સુંદર દેખાવ

ઠાડે = ઊભા

ઠાડો = ઊભો

ઠામ = ઠેકાણું, સ્થાન

ઠારો = શાંત થયો, ઠરી ગયો

ઠાલો = ખાલી, અમસ્તુ

ઠુમ ઠુમ = ઠુમક ઠુમક, લટકાં કરતી

ઠેકડી = મશ્કરી, મજાક, ટીખળ

ઠેકા = ઈજારો

ઠેરન દે = રહેવા દે, ઠરીને રહેવા દે

ઠૌર-કઠૌર = ઠામ-કઠામ

ઠૌર-નઠૌર = ઠામ-કઠામ

## ડ

ડકાર = ઓડકાર

ડટા = સ્થિર રહ્યો, દટાયો

ડાચું = મોં (મોં માટેનો તિરસ્કારયુક્ત શબ્દ)

ડેરા = પડાવ, મુકામ

ડૌલ = ડોળ, દંભ

## ઢ

ઢેફ = માટીનું ઢેફું

ઢેર = ઢગલો

ઢેરા = ઢગલો

## ત

તકાસે = જૂએ છે

તખ્ત = સિંહાસન, રાજગાદી

તટ = કિનારો

તટસ્થ = નિષ્પક્ષ, પક્ષપાત વિનાનો

તતા = હે તાત!

તત્ = તે, પરબ્રહ્મવાચક શબ્દ

તત્ત્વમસિ = તે (તત્) તું (ત્વમ્) છે (અસિ)

તત્ત્વામૃત = તત્ત્વરૂપી અમૃત

તત્પદ = પરમાત્મા સ્વરૂપ, પરબ્રહ્મનું (તત્) પદ, પરમપદ

તનરા = તન, શરીર

તનુ = શરીર, સ્વરૂપ

તં નષ્ટમ્ = તે નાશ પામે છે

તપસી = તપ કરનાર, તપસ્વી (પૂ. રંગ અવધૂત મહારાજ મોદીકાકાને કોકવાર આ નામે સંબોધતા)

તર્પણ = તૃપ્તિ, પિતૃઓને તૃપ્ત કરવા અપાતી જલાંજલિ

તમ = અંધારું, અજ્ઞાનરૂપી અંધકાર

તમવિહારી = અંધારે ફરનારું, અંધારા (તમ)માં ફરનાર, વિહાર કરનાર

તમન્ના = તીવ્ર ઇચ્છા, તાલાવેલી

તમાસા = ફજેતી

તમિસ્રા = રાત્રિ (મોહરૂપી)

તરવેણી = ત્રિવેણી, ત્રિકુટી, ઇડા, પિંગલા અને સુષુમ્ણાનું મિલનસ્થાન

તસબીહ = જપમાળા

તળાંસ = ચરણ સેવા, પગ દબાવવા

તંગડી = ટાંગ, ટાંટિયો

તંદુલ = તાંદુલ, પૌંઆ

તાકા = જોયો, દેખ્યો, તેનો

તાત = પિતા

તાત = તાતાં, તિક્ષ્ણ

તાન = ગાવામાં લેવાતા પલટા, આલાપ

તાના બાના = તાણો-વાણો

તારો = સારો તરનાર, સારો તરવૈયો

તાલ = તબલા-ઢોલકમાં ઠેકાનું માપ

તાંઈ = ત્યાં

તાંત = ચીકણો તાર, તાંતણો

તાંતણો = તાર, દોરો, રેંસો

તિમિર = અંધારું, અજ્ઞાનરૂપી અંધકાર

તિરખૂટ = ત્રિકૂટ, બે ભવાં વચ્ચેની જગા

તિરખૂટી = બે ભવાં વચ્ચેની જગા, ત્રિકૂટી

તિરિયા = સ્ત્રી, પત્ની

તિર્યક્ = પશુ, પક્ષી વગેરે હલકાં પ્રાણી

તુરીય = ચોથી અવસ્થા

તુરીયાતીત = ચોથી અવસ્થાથી પર

તુષ = ફોતરાં

તુંબી = તુંબડું, પાણી ભરવાનું પાત્ર

તૂત = જૂઠું, તરકટ, પ્રપંચ

તૂપ = ઘી

તૃટ્ = તરસ

તૃણ = ઘાસ

તેજ = પ્રકાશ, ઓજસ

તેહ = તે

તૈજસ = સ્વપ્નાવસ્થાનો અભિમાની જીવ

તોક = બાળક

તોકુ = તેને

તોય = પાણી

તોર = તારી

ત્રિયા = સ્ત્રી

ત્રિવાર = ત્રણ (ત્રિ) વાર

ત્રીશ = ત્રણે લોકના ઈશ, પરમાત્મા, દત્તાત્રેય (ત્રિ + ઈશ)

ત્વચા = ચામડી

ત્વદુક્તિ = તારું વચન, તારું (ભગવાનનું) વચન

ત્વન્મય = તારામાં રત

ત્વરા = જલદી, ઉતાવળ

## થ

થળે = સ્થળે

થાણું = બંકનાળનું થાણું, સ્થાન, પડાવ

થાન = સ્થાન, ઠેકાણું

થાના = થાણું, સ્થાન

થિર = સ્થિર

થૂલી = લોટને ચાળતાં નીકળેલા ફોતરાંની વાનગી

## દ

દક્ષ = જમણી, ચતુર, હોશિયાર

દક્ષિણ = જમણું

દગ્ધ = દોઢ ડાહ્યો, બળેલું, બળી ગયેલું

દત્ત = અપાઈ ગયેલું, ભગવાન દત્તાત્રેય

દત્તાષ્ટક = દત્ત ભગવાન વિશેના આઠ શ્લોકનો સમૂહ

દ-દ-દ = દયા, દાન અને દમન

દન = દિન, દિવસ

દમ = ઈન્દ્રિય નિગ્રહ, ઈન્દ્રિય ઉપરનો કાબૂ

દમન = ઈન્દ્રિય નિગ્રહ, ઈન્દ્રિય ઉપરનો સંયમ, ઈન્દ્રિયને વશ રાખવા માટેની સાધના

દમ-બ-દમ = શ્વાસે શ્વાસે, ક્ષણે ક્ષણે

દયાઘના = ખૂબ દયાળુ

દરપે = દ્વાર પર

દરસે = દર્શનથી, દૃષ્ટિથી

દરાખ = દ્રાક્ષ

દરી = ગુફા

દર્પ = ગુમાન, અભિમાન

દર્શન = ભક્તિભાવથી જોવું, જોવાની ક્રિયા

દશાનન = રાવણ, દસ (દશ) મોં (આનન)વાળો

દસ્ત = હાથ

દહે = બાળે, સળગાવે (હેરાન કરે)

દળદર = ગરીબાઈ, દરિદ્રતા

દંભ = ડોળ, આડંબર, હોય તેના કરતાં વધુ સારા દેખાવવાનો પ્રયત્ન

દાડી = રોજ, હંમેશાં

દાતાર = આપનાર, ઉદાર

દાના = ઉદાર, વિશાળ હૃદયી

દામ = પૈસા, ધન

દાર = પત્ની, સ્ત્રી

દિખૈયા = દેખનાર, જોનાર

દિગંબર = નિરાવરણ, નિરંજન

દિગંબર = સર્વ આવરણોથી રહિત, આકાશના પણ વસ્ત્રરૂપ, શુદ્ધ નિષ્કલંક બ્રહ્માત્મસ્વરૂપ

દિગંબર = દિશા (દિક્ ) જેનું વસ્ત્ર (અંબર) છે તે, નગ્ન, નિરાવરણ, વાસના રહિત

દિતિસુત = રાક્ષસ, કશ્યપની પત્ની દિતિના પુત્રો

દિલરૂબા = એક તંતુવાદ્ય, સારંગી

દિલહુજડાની = અંતરરૂપી ઓરડા (હુજડા)ની

દિલાવે = અપાવે

દિવ્ય = દૈવી, સુંદર, પ્રકાશમાન

દિવ્યકાન = સામાન્ય કાનથી જુદી જાતના કાન, યોગાભ્યાસથી અંતર્મુખ થવાને કેળવાયેલા કાન

દિવા = દિવસે

દીખ = દીક્ષા

દીદાર = દર્શન, ચહેરો

દીધું = દાન આપ્યું

દીનની = (૧) ધર્મની (૨) ગરીબની

દીનપન = ગરીબપણું, નમ્રતા

દુઈ = દ્વૈત

દુગ્ધ = દૂધ

દુગ્ધા = પીડા, આપદા, જંજાળ

દુજો = બીજો

દુભે = દુઃખ દે, દુભવે

દુરત્યય = ઓળંગવાનું મુશ્કેલ

દુર્ગ = કિલ્લો

દુર્ભિક્ષ = દુકાળ

દુલહન = સુહાગણ, પ્રિયા, સ્ત્રી

દુલારો = લાડકો દીકરો

દુશાલા = મોંઘી બેવડી (દુ) શાલ

દૂઝે = દૂધ આપે

દૂહી = દ્વૈત

દેખત = બહિર્મુખ દૃષ્ટિવાળો, બહારનું જોતો

દેવનરાના = દેવરાજા, દેવો અને માનવો

દેવાંશી = દિવ્ય, દૈવી અંશવાળું

દેહાધ્યાસ = દેહમાં આત્માનું આરોપણ કરવું, દેહને જ આત્મા માની લેવો

દેહાસક્તિ = શરીર (દેહ)માં આસક્તિ

દેહી = આત્મા, દેહમાં રહેનારો

દૈતગઢ = રાક્ષસનો કિલ્લો

દૈવ = પ્રારબ્ધ, નસીબ

દોજખ = નરક

દ્રાક્ = જલદી, તરત

દ્રુમ = વૃક્ષ, ઝાડ

દ્વારામતી = દ્વારકા

દ્વિજગણો = પક્ષીઓ, પક્ષી (દ્વિજ)નો સમૂહ (ગણ)

દ્વિરદ = હાથી, બે (દ્વિ) દાંત (રદ)વાળો

દ્વૈત = બેપણું, ભિન્નતા

દ્વૈતગઢ = દ્વૈતરૂપી કિલ્લો

દ્વૈતામય = દ્વૈતરૂપી રોગ (આમય)

## ધ

ધનપતિ = કુબેર ભંડારી

ધરખમ = મજબૂત, સંગીન, ધૂરા ખમે એવું

ધરથી = પહેલેથી જ, શરૂઆતથી જ

ધર્મામૃતમેઘઝડી = સમાધિકાળમાં ચાલતો આત્માકાર વૃત્તિનો અખંડ પ્રવાહ

ધામ = સ્વરૂપ

ધામ = તેજ

ધામ = સ્થળ, ઠેકાણું, નિવાસસ્થાન

ધીપતિ = બુદ્ધિ(ધી)ના નિયંતા (પતિ)

ધીરી આંખે = સ્થિર આંખે, એકીટસે

ધીશ = બુદ્ધિના પ્રેરક પરમાત્મા, ભારે બુદ્ધિમાન, બુદ્ધિ (ધી)ના ઈશ

ધૂત = તિરસ્કૃત

ધૂમસ = ઠંડીને લીધે વાતાવરણમાં પાણી ઠરી જવાથી થતું ધુમાડા જેવું વાતાવરણ

ધૂમાધડાકા = ધામધૂમ

ધૂમાધૂળધડાકા = ખોટી ધામધૂમ

ધૂલી = ધૂળ

ધૂલીધૂસર = ધૂળથી ખરડાયેલું (ધૂસર)

ધૂંધ = ઝાંખ, આંધી, ધૂમસ

## ન

નકર = નકરી, ફક્ત, કેવળ

નક્ષત્ર = તારાનું ઝુમખું- કુલ સત્તાવીસ નક્ષત્ર છે, મોતી

ન-ગણા = કૃતઘ્ન, ગુણ ભૂલી જનાર, નગુણા

નગણ્ય = તુચ્છ, પામર, ગણતરીમાં ન લેવા જેવું

નગદી = રોકડું, કિંમતી, નક્કર

નગુણા = કૃતઘ્ન, ઉપકાર ભૂલી જનારું

નગ્ન થઈ = નિર્લજ્જ થઇ, મર્યાદા મૂકી દઈ, શરમ વિનાના થઈને

નગીના = રત્ન-પરમેશ્વરરૂપી પતિરૂપી રત્ન

નજરુમેં = નજરમાં

નટિયા = નટીઓ

નતજન = ભક્ત, જેણે પોતાનું શિર નમાવ્યું છે તે, શરણાગત

નબ્ઝ = નાડ, રગ

નભદગ્ = આકાશનાં નેત્ર

નરક = દોજખ, વિષ્ટા

નરકેય = નરક પણ

**નવોં નિધિ** = કુબેરના નવે નવ ભંડાર

**નંગડ** = સાવ નગ્ન, નાગું

**ના'ણે** = ન આણે, ન લાવે

**નાતે** = જ્ઞાતિ, જ્ઞાતિસંબંધ

**નાથ** = ધણી, સ્વામી

**નાથચેરો** = સમર્થ ગુરુનો ચેલો

**નાથપદકંજરત** = પ્રભુના(નાથ)ચરણ(પદ)કમળ(કંજ)માં મગ્ન(રત)

**નાદાન** = અણસમજુ, બુદ્ધિ વગરનો

**નાના** = અનેક, વિધવિધ, જુદા જુદા

**નાનાત્મૈક્યજ્ઞાનથી** = બધામાં એક જ આત્મા રહેલો છે એવા જ્ઞાનથી

**નાના નેહ** = અહીં (ઇહ) વિવિધપણું (નાના) દેખાય છે તે ખરેખર નથી (ન)

**નાનારૂપધારી** = વિવિધ રૂપ ધારણ કરનાર

**નાભિ** = ડૂંટી

**નામા** = સંત નામદેવ

**નામી** = નમાવી

**નામી** = તે તે નામથી ઓળખાતી વ્યક્તિ

**નામી** = નામથી લક્ષિત વસ્તુ, પરમાત્મા

**નારકી** = નરકમાં લઈ જનારી

**નાવલીઓ** = પતિ, સ્વામી

નાવિક = ખલાસી

ના'વે = ન આવે

નાશિ = નાશવંત

નાસ્તિક = ઈશ્વરનું અસ્તિત્વ નહિ સ્વીકારનારો

નિકમ્મા = નકામો, અર્થહીન

નિકસત = બહાર નીકળવું

નિકસે = નીકળે

નિકુંજ = વનસ્પતિની ઘટાવાળું

નિઘ્ન = વશ, પરવશ

નિદાઘે = ઉનાળે, ઉનાળામાં

નિજબીતી = પોતાનો અનુભવ (બીતી)

નિધાન = ભંડાર, નિધિ

નિબિડ = ગાઢ, ઘોર

નિબિડરાને = ઘોર જંગલમાં (રાને)

નિમાળા = વાળ, કેશ, મોંવાળા

નિમેષ = આંખનો પલકારો, મટકું

નિયમ = શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન

નિયાર = ન્યારો, પર

નિરગુણ = ગુણ વગરનું, ગુણાતીત, નિર્ગુણ

નિરત = નૃત્ય, નાચ

નિરબાના = નિર્વાણ

નિરય = નરક

નિરહં = અહં રહિત, અહં શૂન્ય

નિરહંકૃતિ = આ હું કરું છું એવી ભાવના વિનાનો

નિરામય = નિર્દોષ, રોગ ન થાય એવી, સ્વસ્થ, તંદુરસ્ત, (જન્મમરણ)ના રોગથી રહિત

નિરામય = નિર્દોષ, આવરણ રહિત, નીરોગી

નિરાલંબ = આધાર (આલંબ) વિનાનો, જેને કોઈના આધારની જરૂર નથી એ, પરમાત્મા

નિરાશી = આશા રહિત, આશા વગરનો

નિર્ઝર = ઝરણું

નિર્ઝરવારી = ઝરણા (નિર્ઝર)નું પાણી (વારી)

નિર્દ્વંદ્વ = દ્વંદ્વ રહિત

નિર્ભે = નિર્ભય

નિર્માન = નિરભિમાન, માન વિનાનો, અભિમાન વિનાનો

નિર્વાણ = મોક્ષ, જન્મમરણમાંથી મુક્તિ

નિવાત = પવન વિનાની જગા, નિર્ભયતાથી, નિર્વિકારપણે

નિહાર = નિહાળ, જો

નિસર્યો = નીકળ્યો

નિસ્પંદ = સ્થિર, ધ્રુજારી રહિત

નિસારો = દૂર કરો, બહાર કાઢો

નિસાસો = ઊંડો દુઃખ ભર્યો નિશ્વાસ

નિસ્તારા = છૂટવાનો ઉપાય, મુક્તિ, પાર ઉતરવું

નિઃસંગ = નિર્લેપ

નિઃસ્વન = નિઃશબ્દ, અવાજ (સ્વન) વિનાનું, શાંત

નિહારા = જોયા, નિહાળ્યા

નિંદ = નિંદા, ટીકા, ઊંઘ

નિંદક = નિંદા કરનાર

નીલકંઠ = ભગવાન શંકર, મોર, જેનો કંઠ લીલો છે તે

નુગરા = ગુરુ કર્યા વિનાનો

નૂતન = નવી

નૂરત = તેજ, નૂર

નેક = પ્રામાણિક

નેકા = પ્રામાણિક પણે, ખરેખર

નેડે = પાસે

નેતિ = આમ (ઈતિ) નહિ (ન)

નેન = આંખ

નેમ = નિયમ, હેતુ, લક્ષ્ય, યોગાભ્યાસના નિયમથી

નેહ = પ્રેમ

નેહાળે = નિશાળે

નૈપુર = ઝાંઝર, નુપૂર

નૈષ્કર્મ્ય = નિષ્કામભાવથી કર્મ કરનારો

નૌતમ = તદ્દન નવું, સુંદર

ન્યાળે = ધારી ધારીને જોવું, નિહાળવું

ન્યૌછાવર = સમર્પણ કરેલું, ભેટ

## પ

પચ્ચીસ દેખનહાર = પચ્ચીસ તત્ત્વોને જોનાર

પટ = વસ્ત્ર

પટકું = પછાડું

પડા = ફૂલનો પડો

પતંગા = પતંગિયું

પતા = ખબર, સરનામું

પતીજ = આબરુ

પત્તિ = પાંદડી

પત્તુ = પાંદડું

પથ્ય = પરેજી, ચરી (શું ન કરવું તે)

પદ દ્વંદ્વ = યુગલ ચરણ, બંને પગ

પદ્મ = કમળ

પદ્મણી = પદ્મિની, એકદમ સુંદર સ્ત્રી

પદ્મા = લક્ષ્મી

પદ્ય = કવિતા, ગાઈ શકાય તેવું (ગદ્યનું વિરોધી)

પદાંબુજ = ચરણ (પદ) કમળ (અંબુજ)

પન્નગભૂષણ = સર્પ એ જ જેનું ઘરેણું છે એવા (શંકર)

પનુઘટ = પનઘટ, પાણી ભરવાનો ઘાટ

પનોતિ = પડતીની દશા, જન્મમરણની પનોતિ

પયોધિ = સમુદ્ર, પાણી(પય)નો ભંડાર(ધિ)

પર = સર્વશ્રેષ્ઠ

પરવાર્યા = જે તે કામ કરી એમાંથી મુક્ત થયા, જન્મ-મરણમાંથી મુક્ત થયા

પરવાહ = પરવા, તમા

પરાત્પર = પરથી પણ પર, પરમેશ્વર

પરાનુરક્તિ = સર્વોત્કૃષ્ટ પ્રેમ, પરમાત્મામાં અનુરક્તિ (પ્રેમ)

પરિતાપ = સંતાપ

પરિહરી = છોડીને, ત્યાગીને

પરો આલી પૈયા = હે સખી (આલી)! પગે લાગો (પરો પૈયા)

પર્ણે = પાંદડે

પલકમાં = ક્ષણવારમાં, નિમેષમાત્રે

પલાણે = ઘોડા ઉપર પલાણનો સામાન નાંખવો

પલ્લે = પેલી, પેલું

પવનગતે = પવનની ગતિથી, પવનની માફક

પવમાન = એક વૈદિક સૂક્ત

પર્વો અઢાર = મહાભારતના અઢાર પર્વો

પસારો = પથારો, ફેલાવો

પળે = જાય

**પંક** = કાદવ

**પંકજ** = કમળ, કાદવ (પંક)માં જન્મે (જ) તે

**પંક્તિ** = હાર, કાવ્યનું ચરણ

**પંચગવ્ય** = ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ એમ પાંચ(પંચ) વસ્તુનો સમૂહ

**પંચપાત્ર** = કમંડળ અથવા ભિક્ષાપાત્ર, પૂજામાં વપરાતું પ્યાલું

**પંચમહલ** = પાંચ કોશ (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય)

**પંચાગ્નિ** = પાંચ પ્રકારના અગ્નિ, ચાર દિશામાં ચાર ધૂણી અને માથે સૂર્યનો તાપ

**પંડ** = શરીર

**પંડત** = પંડિત

**પંડા** = જીવ-બ્રહ્મની એકતાનું જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન, તીર્થમાં ધાર્મિક વિધિ કરાવતો બ્રાહ્મણ

**પંથી** = મુસાફર

**પાખંડ** = ઢોંગ, દંભ

**પાડી** = ભેંસનું માદા બચ્ચું

**પાડો** = ભેંસનું નર બચ્ચું

**પાણિની** = પ્રસિદ્ધ વ્યાકરણની રચના કરનાર

**પાતી** = પામે, મેળવે

**પાથાર** = સરોવર

પાથેય = ભાતું, ભાથું

પાદ્ય = ગંધ-અક્ષત વગેરે યુક્ત પગ ધોવાનું પૂજા જળ, પગ ધોવાનું પાણી

પાના થા = મેળવવું હતું

પા લીના = મેળવી લીધું

પાપસંઘાત = પાપનો સમૂહ

પાયું = મળ્યું, જડ્યું

પાર = ખલાસ

પારદ = પારો

પારપરાકે = પરાવાણીથી પણ પર

પાર પળે = પાર જાય (પળે)

પાર રી = ખલાસ

પારવતી = પાર પમાડનારી(વતી)

પારાવારા = પારાવાર, પુષ્કળ, સાગર

પાર્થ = અર્જુન (પૃથા-કુંતી-નો પુત્ર)

પાવકોપમ = અગ્નિ જેવો તેજસ્વી

પાશ = ફાંસલો, બાંધવાનું દોરડું

પાંચ પચ્ચીસ ઠગ = પંચભૂત અને દરેકના પાંચ પાંચ ગુણ- એ પચ્ચીસ ઠગ

પિક = કોયલ

પિકકૂજને = કોયલના ટહુકામાં

પિકમુખ = કોયલનું મુખ

પિયા = પ્રિય પતિ

પિયાગલકાબા = પ્રાણપતિ પરમેશ્વરના ગાલરૂપી કાબા મસ્જીદનો એક પત્થર

પિંગલ = છંદશાસ્ત્રની રચના કરનાર ઋષિ

પિંડ = શરીર, મૃતક માટે વાળેલો ચોખાના લોટનો ગોળો

પીડ = પીડા, દુઃખ

પીયૂખ = પીયૂષ, અમૃત

પીયૂષ = અમૃત, સુધા

પીર = પીડા

પીસે = દળે, ઘૂંટે, લસોટે

પીંછું = પીછું, પક્ષીનું પીછું

પુનિ પુનિ = પુનઃ પુનઃ, ફરી ફરી, વારે વારે

પુરાણ = વેદ વ્યાસ રચિત જુની વાતોના ધર્મગ્રંથો

પુષ્પસંભાર = પુષ્પની ધારા

પૂત = પવિત્ર, પુત્ર

પૂન = પુણ્ય

પૂર = રેલ

પેખ = જો, નિહાળ

પેખત = જોતા

પેખ્યા = જોયા

પેડ = ઝાડ, વૃક્ષ

પેદલ સ્વારી = પગે ચાલતા જવું

પેય = પીણું, પીવાની વસ્તુ

પેર = જેમ, માફક

પેરે = જેમ, માફક

પોતી = કંટેવાળો, ચૂલા પર મૂકવાના વાસણના તળિયાના ભાગે માટી અને રાખ લગાવવાની ક્રિયા (કાળું ન થાય માટે)

પ્રજળ્યા = સળગ્યા

પ્રજજવળે = સળગે, બળે, પ્રગટે

પ્રણતિ = નમન, પ્રણામ કરવાં

પ્રણવમુખ = ૐકારરૂપી મુખ

પ્રતિપાળ = રક્ષણ કરનાર, પાલનપોષણ કરનાર

પ્રતિષેધ = મનાઈ, નિષેધ

પ્રતીતિ = અનુભવ, ખાતરી, વિશ્વાસ

પ્રભ = પ્રકાશ, પ્રભા

પ્રભુતા = મોટાઈ, ગૌરવ

પ્રમદા = યુવાન અને સુંદર સ્ત્રી

પ્રમોદ = વસ્તુના દર્શનથી થતો આનંદ

પ્રલયવાત = પ્રલય કરનારો પવન

પ્રાજ્ઞ = સુષુપ્તાવસ્થાનો અભિમાની જીવ

**પ્રાપ્તાપ્રાપ્તે** = લાભાલાભ, મળે (પ્રાપ્ત) કે ના મળે (અપ્રાપ્તે)

**પ્રાયઃ** = ઘણું ખરું, બહુધા

**પ્રીછે** = જાણે, પીછાને

**પ્રીતમ** = પ્રિયતમ, પતિ, પ્રભુ, પરમેશ્વર

**પ્રેતાસન** = યોગમાં શરીર નિશ્ચેષ્ટ થાય એવા આસનની સ્થિતિ

**પ્રેય** = જે પ્રિય લાગે છતાં જેમાં પારમાર્થિક કલ્યાણ ન હોય એવું, સાંસારિક સુખ

**પ્હાણ** = પથ્થર

## ફ

**ફક્કમફક્કા** = ભૂખ્યા

**ફગાવી** = ફેંકી દઇને, દૂર કરીને

**ફટ** = તિરસ્કારયુક્ત શબ્દ

**ફટક** = બીક, ફડક

**ફટકો** = બોધ મળે એવું ચાબુક સમું લખાણ

**ફણિધર** = ફેણવાળો સાપ

**ફણિવર** = નાગ, સાપોમાં શ્રેષ્ઠ, વાસુકી

**ફહરાયો** = ફરકાવ્યો

**ફંદ** = જાળ, કાવતરું

**ફંદો** = કાવતરું, ફંદ

**ફામ** = સ્મરણ, યાદ

ફાંકો = અભિમાન, તોર, ગુમાન

ફાંફા = મિથ્યા પ્રયત્ન, વલખાં

ફિરસ્તા = દેવદૂત

ફોક = વ્યર્થ, નકામું, રદ

ફેરી = આંટો, કોઈ વસ્તુ વેચવા ફરવું તે

ફેન = ફિણ

ફોલ = મિથ્યા, ખોટું

## બ

બક = બગલો

બકે = લવારો કરે, નકામું બક બક કરે

બખેડો = ટંટો, ઝઘડો, મારામારી

બધિરો = બહેરો

બનઠન = બની ઠનીને

બધૈયા = વધામણી, વધાઈ

બમ્મન = બ્રાહ્મણ

બરનન = વર્ણન

બલિહારી = વાહ વાહ, ખૂબી

બસ્તી = વસતી

બળી = બળવાન

બંકગઢ = બંકનાળનો ગઢ

બંકનાલ = વાંકી નેળ, ત્રિકૂટી ઉપરનો સુષુમ્ણાનો વક્ર (વિષમ) માર્ગ જ્યાંથી સુરતી બ્રહ્મરંધ્ર તરફ ચઢે છે.

બંગલોરી = નાની બંગલી (નાનો બંગલો)

બંદો = સેવક, દાસ, ગુલામ

બાજીગર = જાદુગર

બાજીગરી = જાદુગરી, જાદુના ખેલ

બાના = વેષ, પહેરવેષ

બાપડા = ગરીબડા, બિચારા, દયામણા

બાર બાર = વારંવાર, વારે વારે, ફરી ફરી

બારિસ = વરસાદ

બાલમ = વાલમ, પ્રિયતમ, પતિ

બાલોન્મત્ત પિશાચક = બાળક (બાલ), ગાંડો (ઉન્મત્ત) અને પિશાચ જેવા

બાવર = વિશ્વાસ

બાવરી = બેબાકળી, આકુળ વ્યાકુળ

બાષ્પ = વરાળ

બાહી = બહાર, બાહીર

બાંડ = બાંડો, અક્કલરૂપી પૂંછડી વિનાનો, લુચ્ચો માણસ

બાંહે = હાથ

બાંહ્ય = હાથ

બિછૌના = પથારી

બિનુ કાન = કાન વગર

બિરહે = વિરહથી, વિયોગથી

બિરાગ = વૈરાગ્ય, વિરાગ

બિરાદર = ભાઈ, ભાઈબંધ, સાથી

બિંદુચુત = દેહાત્મ બુદ્ધિવાળા, સૂક્ષ્મ અજ્ઞાન

બીજ = બી, બીચું

બીણા = વીણા

બીથો જાય = વીંત્યો જાય

બીન = વીણા, એક વાદ્ય, સિવાય

બીચાંબાં = જંગલ

બુદ્‍બુદ્‍ = પરપોટો

બુદ્‍બુદા = પરપોટા

બુભુક્ષા = વિષયોપભોગની ઈચ્છા, વાસના, ભૂખ

બુદ્ધ = જ્ઞાન પામેલું, જાગ્રત

બુનાઈ = વણી, (તાણાવાણામાંથી કપડું બનાવવું)

બૂઝે = જાણે, સમજે

બુંદ = ટીપું

બેખુદ = નિરહંકાર, અહંકાર (ખુદ) વગરનો (બે)

બેડો = વહાણ

બેદોર = નિરંકુશ

બેમૂરત = નિરાકાર, મૂર્તિ વિનાનું, નિર્ગુણ

બેલી = રક્ષક, વાલી, ધણી

બેહોશ = મૂર્છિત, બેભાન

બૈનાં = વેણ, વાણી, વચન

બોધ = ઉપદેશ, જ્ઞાન

બોધ આસાર = જ્ઞાનનું ઝાપટું (આસાર)

બોલંબાલા = વાહવાહ, જયકારો, ફતેહ

બ્યાધ = શિકારી

બ્રહ્મચારી = બ્રહ્મમાં ફરનાર

બ્રીદ = બિરુદ, ટેક

બ્હારા = બહાર

## ભ

ભક્તઅઘ = ભક્તોનાં પાપ

ભક્તેષ્ટદ = ભક્તને ઈચ્છેલું આપનાર, ભક્તનું કલ્યાણ થાય એવું આપનાર

ભખતો = બોલતો, કહેતો

ભગ = પ્રારબ્ધ, નસીબ

ભગવોભેખ = ભગવા વસ્ત્રનો વેશ

ભટ = યોદ્ધો, લડવૈયો, પંડિત, ભિક્ષુક બ્રાહ્મણ

ભડવો = સ્ત્રીવશ પતિ

ભભૂકે = પ્રકાશે, સળગી ઊઠે

ભભૂતિ = ભસ્મ, રાખ

ભરજરી = જરીથી ભરેલું

ભરો હૈ = ભર્યો છે

ભર્તા = ભરણપોષણ કરનાર, સ્વામી

ભવ = શંકર, સંસાર

ભવકાનન = સંસારરૂપી જંગલ

ભવભંગા = સંસારનો નાશ કરનાર

ભવરંગ = સંસારરૂપી રંગભૂમિ

ભવાઈ = હલકા પ્રકારનું નાટક

ભવે = સંસારમાં

ભળ ભળ = ભડ ભડ

ભંગ = ભાંગ

ભંગુર = નાશવંત, નશ્વર, નાશ પામે એવી

ભા = પ્રકાશ, તેજ (આત્મતેજ)

ભાખે = કહે, બોલે

ભાખો = કહો

ભાટ = ખુશામત કરનાર, પ્રશંસક

ભાણ = સૂર્ય, એક પ્રકારનું નાટક

ભાતા = ગમે છે, મનપસંદ

ભાન = ભાનુ, સૂર્ય

ભામિની = સ્ત્રી

ભાયો = ભાવ્યો, ગમ્યો

ભાના = ગમે તે, રૂચે તે, ભાવે તે

ભારતી = મહાભારતનાં (વાણી, સરસ્વતી દેવી)

ભાવૈક્ય = ભાવનાનું ઐક્યપણું

ભાસ = પ્રકાશ

ભાસ = આભાસ, ભ્રાંતિ

ભાળ = ખબર, પત્તો, જાણ

ભાંડ = પાત્ર, વાસણ, મશ્કરો

ભાંડભવૈયા = ઠઠ્ઠા મશ્કરી કરનારા

ભિકારા = ભિખારી

ભિક્ષામિષે = ભિક્ષાને બહાને

ભીરુઓ = કાયરો, બીકણો, ડરપોકો

ભુક્તિ = દુન્યવી ભોગો, દુન્યવી સુખો

ભૂક = ભૂખ

ભૂખકડાકા = સખત ભૂખ

ભૂચર = જમીન પર વસનારાં

ભૂતાવળ = ભૂતોનું ટોળું

ભૂધરા = ભગવાન શ્રીકૃષ્ણ, પૃથ્વીને ધારણ કરનાર

ભૂરિ = ઘણો, પુષ્કળ

ભૃંગ = ભમરો

ભેકો = દેડકો

ભેખ = વેશ

ભેજયો = મોકલ્યો

ભેટ = બક્ષીક્ષ, સોગાદ, મુલાકાત

ભેંટે = આલિંગે, મળે છે

ભેદ = રહસ્ય

ભેદીઓ = ભેદુ, ભેદ જાણનારો

ભેદુ = ભેદ જાણનારો

ભેરુ = મિત્ર, સાથી

ભેસા = વેષ, ભેખ, પહેરવેશ

ભો = હે, ભય, બીક

ભોકતૃત્વ = હું ભોગવું છું એવો ભાવ ધરાવનાર

ભોગાપવર્ગદ = દુન્યવી ભોગ અને સ્વર્ગ આપનાર, ભુક્તિ-મુક્તિ આપનાર

ભોના = ભોગવવાનું

ભોમ = પૃથ્વી

ભોર = સવાર

ભોરંગ = ભમરો

ભોરંગાજી = ભમરો

ભ્રષ્ટતા = અપવિત્રતા, દુરાચાર

ભ્રાન્ત = ભૂલો પડેલો, ભ્રમિત થયેલો

## મ

મકર = મગર

મકરી = કરોળિયો

મકરીજાલા = કરોળિયાનું જાળું

મગરૂબી = અભિમાન

મટકા = આંખનો પલકારો, માટલી

મડાં = મડદાં

મઢૈયાં = મઢી, ઝૂંપડી

મતલબમેં = સ્વાર્થમાં

મત્સ્યજીવી = માછલાં મારી ગુજરાન ચલાવનાર, માછી, ઢિમ્મર

મદ્યપી = દારૂ (મદ્ય) પીનારો (પી)

મનદુગ્ધા = મનની પીડા

મનહરિ = મનરૂપી વાનર (હરિ) અથવા સિંહ અથવા ઘોડો

મન્મથ = કામદેવ

મન્મથારિ = કામદેવનો નાશ કરનાર, શંકર, કામદેવનો શત્રુ (અરિ)

મમત = જીદ, હઠ

મરઘટ = સ્મશાન, મસાણ

મરજીવા = જીવના જોખમે દરિયામાંથી મોતી કાઢનાર

મરોડી = વાળીને

મલમલ = ચોળી ચોળીને

મલમલ = એક પ્રકારનું ઝીણું કાપડ, બારીક કાપડ

મહાવાક્ય = જીવ અને ઈશ્વરની એકતા દર્શાવતું વેદવાક્ય

મહાસૂન = ત્રિકૂટીની (બે ભવાંની વચ્ચેની જગ્યા) ઉપરનો દશ્યના આત્યંતિક વિલયરૂપ અત્યંત અંધકારમય પ્રદેશ

મહિયારી = ગોપી, છાસ વેચનારી, ભરવાડણ

મહી = છાસ

મહી = પૃથ્વી

મહીતલે = પૃથ્વીના તળિયામાં

મંચક = ખાટલો, પલંગ, બાજઠ

મંડત = માન આપે, પૂજે

મંત્રાનલ = મંત્રરૂપી અગ્નિ

મંથા = રવૈયો-જેનાથી દહિંનું મંથન થાય તે

મા = નહિ, માતા

માઝ = માઝા, મર્યાદા

માઝા = મર્યાદા

માતંગ = હાથી

માતંગા = હાથી

માતી = માટી

માતું = માતેલું, આનંદ પામતું

માત્યા = ઉન્મત થયા, મદાંધ થયા

માન = અભિમાન

માનસરંજના = મન (માનસ)ને આનંદ આપનાર (રંજના)

માયાદુર્ગ = માયરૂપી કિલ્લો

માશુક = પ્રિયા, પરમાત્મા

મિત = મિત્ર

મિત = માપસર, પ્રમાણસર

મિશ્રી = ખાંડ, મોરસ

મિષ = બહાનું

મીટ = અનિમેષ દૃષ્ટિ, નજર

મીન = માછલું

મીંદડી = બિલાડી

મુક્તા = મોતી

મુખભાન = મુખરૂપી સૂર્ય

મુડ = પાછો ફર, પાછો વળ

મુડ ભગવંતા = ભગવાન તરફ પાછો વળ

મુદ = આનંદ

મુદા = આનંદથી

મુનિ = જ્ઞાની

મુરદાલ = મડદાલ, મડદા સમાન

મુરશિદ = ધર્મગુરુ, ધર્મોપદેશક

મુસા = ઉંદર

મુંજશલાકા = મુંજ ઘાસની અંદર રહેલી ઝીણી સળી

**મુંદી** = આંખ મીંચી, આંખ બંધ કરી

**મૂઢ** = મોહમાં પડેલું, મોહવશ, મૂર્ખ

**મૂર્તિ** = સ્વરૂપ, હુસ્ન, પ્રતિમા, આકૃતિ

**મૃગ** = હરણ

**મૃગનીર** = ઝાંઝવાનું જળ

**મૃદ્** = માટી

**મેખ** = ખીલી

**મેટવ** = મટાડી દે

**મેડી** = માળ

**મેધાનિધિ** = અક્કલનો ભંડાર, બુદ્ધિનો સાગર

**મે'રામણ** = મહાસાગર, મહાસમુદ્ર

**મેરુદંડ** = બરડાની કરોડ, કરોડરજ્જુ

**મેરુપ્રાય** = મેરુ પર્વતના જેવો (પ્રાય), મોટા મેરુ પહાડ જેવા

**મેલમાં** = વિષયોપભોગમાં

**મેષ** = ઘેંટો, ઘેંટું, બકરો

**મેંડક** = દેડકો

**મેં મેં** = બકરાનો-ઘેંટાનો અવાજ, મારું-મારું

**મૈયત** = મરણ, નનામી, જનાજો

**મૈલ** = મેલ

**મોક્ષદા** = મોક્ષ આપનાર (દા)

મોડે છે = ફેરવે છે

મોડો = જાદુગરને મદદ કરનારો છોકરો, ફેરવો

મોતદરી = મોતની ગુફા, મોતની ખીણ

મોદ = વસ્તુના સ્મરણમાત્રથી થતો આનંદ

મોદદાયક = આનંદ આપનાર

મોરયા = ગણપતિ

મોલી = ભારી

મોહ = આત્મસ્વરૂપનું વિસ્મરણ, વિવેક શૂન્યતા

મોહન = પરમાત્મ સ્વરૂપ, કૃષ્ણ

મૌતદરી = મોતની ગુફા, મોતની ખીણ

મૌતદૂતી = મોતની દૂત

## <u>ય</u>

યક = એક

યતીટ્ = યતિવર, યતિમાં શ્રેષ્ઠ, સંન્યાસીઓનો રાજા

યત્પદકંજસુવાસે = જેના (યત્) ચરણ (પદ) કમળ (કંજ)ની સુવાસથી (સુવાસે)

યથા = જેવો, જેમ

યદિ = જો

યદ્દષ્ટં = જે દેખાયું તે, જે જોયું તે

યમ = નિગ્રહ, સંયમ, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ

યાચે = માગે

યાદેહક = પરમાત્માનું સ્વરૂપ

યાતાયાત = જવું (યાત) આવવું (આયાત), જન્મમરણ, આવવું-જવું

યામ = પ્રહર, ત્રણ કલાકનો સમય

યારી = દોસ્તી, પ્યાર

યોગીરાટ્ = યોગીઓનો રાજા

યોષા = સ્ત્રી

## ર

રક્તાભ = લાલ આકાશ

રક્ષ = રક્ષણ કર, રાક્ષસ

રઢિયાળો = સુંદર, મોહક

રજ્જુભુજંગ સમ = દોરડીમાં સાપની (ભ્રાંતિની) માફક

રથ્યાચીર = રસ્તા પરના ચીંથરા

રબ = પરમાત્મા, પરમેશ્વર, ઈશ્વર

રમમાણ = લીન, તલ્લીન, ડૂબેલાં

રવ = અવાજ

રસના = જીભ

રસવંતી = પ્રભુપ્રેમમાં મસ્ત

રસાયણ = ઘડપણ અને રોગને દૂર કરનારું ઔષધ

રહમાન = દયાળુ ભગવાન

રહીમ = દયાળુ

રંગાગમન = આવાગમન

રાચે = આનંદ પામે, શોભે

રાજે = શોભે

રાતી = રાત્રિ

રાતું = આસક્ત, રત

રાન = જંગલ

રામગાથા = રામચંદ્રની વાતો, રામાયણ

રામા = સ્ત્રી, પત્ની

રાંડેલો = વિધુર, જેની પત્ની મૃત્યુ પામી હોય તે

રિપુ = શત્રુ, દુશ્મન

રુખ = વલણ

રુચિર = સુંદર, મનને ગમે તેવું, રુચિકર

રુલાઈ = રેલાવ્યો

રુલાયો = રેલાવ્યો

રૂખ = ઝાડ

રૂખડી = ઝાડવું

રૂખો = લૂખો

રેણુ = રજકણ

રેશમ = (આત્માનુભવરૂપી) રેશમ

રૈન = રાત

રૈનાં = રાત્રી

રૈવત = ગિરનારનો એક ભાગ

રૈવતગિરિ = ગિરનાર પર્વત

## લ

લક્કડગ્રંથી = ચિત્-અચિદ્‌ની ગ્રંથી

લક્ષ્યપ્રસાદી = પરમેશ્વર દર્શનના લક્ષ્યની પ્રાપ્તિરૂપ પ્રસાદી

લઘુ = લઘુકૌમુદી, વ્યાકરણનો ગ્રંથ

લપે = બકે, બબડે

લવમાત્ર = જરાએ, સહેજમાત્ર

લસે = શોભે

લહીને = સમજીને, જાણીને, જોઈને

લાખવિરાગે = વૈરાગ્યરૂપી લાખથી

લાન = લાવેલા

લારકા = લાડકો દીકરો

લાલ = રત્ન (પરમાત્મારૂપી), મણિ, પુત્ર

લિંગ = જાતિ, ચિન્હ

લિંગને = આલિંગને

લીટા = લીટી, લકીર

લીટા = જરાપણ

લીન્હ = લીધી

લીરા = ચીંથરા, ચીરા

લેખા = વર્ણન કરવું, લખવું

લોક ફજેતી = લોકોમાં બદનામી, અપકીર્તિ

લોભરક્ષ = લોભરૂપી રાક્ષસ (રક્ષ)

લોહિતલોચન = (રક્તકમળ જેવી) લાલ આંખોવાળા

લૌ = લગની

લ્હાવો = આનંદનો ઉપભોગ, આનંદનો વિશિષ્ટ પ્રસંગ

## વ

વજીફા = ઈનામમાં મળેલી જમીન, ભેટ-સોગાદ

વટરસ = વડનો રસ

વણસાડે = બગાડે

વણસી = હતું ન હતું થઈ જાય, બગડી જાય, અંકુશ બહાર જાય

વનસ્પતીશ = ચંદ્રમા, વનસ્પતિનો ઈશ

વનિતા = સ્ત્રી

વરકર = સુંદર (વર) હાથ (કર)

વરરસ = શ્રેષ્ઠ (વર) રસ

વરવા = પરણવા, પરમેશ્વર મેળવવા

વર્જિત = છોડી દીધેલું, ત્યજેલું, નકામું

વર્મ = બખ્તર, કવચ

વલખાં = ફાંફાં, વ્યર્થ પ્રયત્નો

વલે = ભૂંડી દશા, ભૂંડી હાલત

વલ્ગના = કૂદાકૂદ

વસમી = મુશ્કેલ, કપરી

વસવસો = ભ્રમણાઓ, મનની મૂંઝવણ, અંદેશો

વસ્ત્ર = (વાસનારૂપી) વસ્ત્ર

વસુ = ધન, દોલત, સોનું

વહી = વહન કરી, ઊંચકી

વહેળો = વહેતા પાણીનો નાનો પ્રવાહ

વળ = પાછો ફર

વંઝા = વાંઝણી, વંધ્યા

વંઠી = લાજ-મર્યાદાના અંકુશ બહાર, ચારિત્ર્ય ભ્રષ્ટ થઈ

વાક્ = વાણી

વાક્ય = ઉચ્ચારાતી વાણી, બોલાતી વાણી

વાક્યે = બોલેલા શબ્દો, કહેલી વાત

વાગીશ્વર = વાણીનો નિયામક

વાઘા = વસ્ત્રો (ખાસ કરીને ભગવાનના)

વાચારંભણ = વાણીવિલાસ

વાજી = ઘોડો

વાણી = મનથી વિચારાતી વાણી, વિચાર

વાત = પવન, વાયુ

વાતાશ્વરૂઢ = પવન (વાત)રૂપી ઘોડા (અશ્વ) પર બેઠેલા (આરૂઢ)

વામ = ડાબું

વામતાં = છોડતાં

વામનાત્મા = વામન સ્વરૂપ ધારી

વાયદો = મુદત, અવધિ

વારવનિતા = વેશ્યા

વારિ = પાણી, જળ (સંસ્કૃત શબ્દ છે)

વારિબુદ્બુદસમી = પાણીના પરપોટા (બુદ્બુદ) જેવી (સમી)

વાલમ = પ્રિયતમ, પતિ, બાલમ, પરમેશ્વર

વાસન = વિષયવાસના

વાસનવસ્ત્ર = વાસનારૂપી વસ્ત્ર

વાંસળ = પાછળ

વાંસે = પાછળથી, અણદેખી, ગુપ્ત

વિક્ષેપ = ખલેલ

વિખાર = સાપ

વિજાતીય = બીજી જાતની

વિટ્ = વિષ્ટા

વિદારી = દૂર કરી, નિવારી

વિધિ = બ્રહ્મા, વિધાતા

વિધુ = ચંદ્રમા

વિનિયોગ = ઉપયોગ, પ્રયોગ

વિબુધ = આત્મબોધવાન, અતિ વિદ્વાન

વિભક્તિ = જુદાપણું

વિભૂતિ = ભભૂતિ, ભસ્મ, (દિવ્યશક્તિ ધરાવતી વ્યક્તિ)

વિરતિ = વૈરાગ્ય, વિરક્તિ

વિરતિવારિ = વૈરાગ્યરૂપી પાણી

વિરલો = દુર્લભ, અનન્ય

વિલોકે = જુએ

વિશ્વ = જાગ્રદવસ્થાનો અભિમાની જીવ, જગત

વિશ્વમૂર્તે = વિશ્વરૂપધારી, ભગવાન

વિષમ = અસમાન, પ્રતિકૂળ

વિષમે = આફતમાં

વિષયૈષણા = ધન, પુત્ર,, કીર્તિ વગેરેની વાસના

વિષારી = ઝેરી, વિષયુક્ત

વિહંગમવાટ = આકાશ, પક્ષી (વિહંગ)ને ઊડવાનો રસ્તો. આ ભજનમાં ત્રિકુટીની ઉપરનો આજ્ઞાચક્ર (દ્વિદલ પદ્મ) છોડ્યા પછીનો સુરતીનો ચઢવાનો નિરાલંબ માર્ગ.

વીચિ = તરંગ, મોજું

વીંટલા = પગમાં વીંટવાના(પહેરવાનાં) કડા

વૃશ્ચિક = વીંછી

વૃંદ = ટોળું, સમૂહ

વેડ = વીણવું, ઝાડ ઉપરથી સાધન દ્વારા ફળ તોડવું

વેણુ = વાંસળી, બંસી

વેદીઓ = જાણકાર, જ્ઞાની, અનુભવી

વેદીયાં ઢોર = પઢત મૂર્ખ

વેંરે = સાથે

વે'વા = વિવાહ, લગ્ન

વેળાછટે = વેળાસર, સમય છે તો, સમયસર

વૈખરી = ઉચ્ચારેલી વાણી (બોલેલી વાણી વિખરાઇ જાય છે તેથી વૈખરી)

વોટર = પાણી (અંગ્રેજી શબ્દ છે)

વ્યાઘ્ર = વાઘ

વ્યાધ = શિકારી

વ્યાલ = સાપ

વ્યાલાદિ = સાપ, વાઘ વગેરેથી

વ્યાળ = સાપ

વ્યોમ = આકાશ

વ્યોમકેશી = આકાશ જેના વાળ છે એવા, એટલે સર્વવ્યાપી

વ્રજરાજ = ભગવાન શ્રીકૃષ્ણ

વ્રજવનિતા = ગોપીઓ, વ્રજની સ્ત્રી (વનિતા)ઓ

વ્રીડા = લજ્જા, લાજ, શરમ

વ્રેહ = વિરહ, વિયોગ

વ્હાણે = વહેલી સવારે

વ્હેદાનીઅત = જીવ બ્રહ્મની એકતા

## શ

શતખંડ = સો ટૂકડા

શપે = શાપ આપે, નિંદે

શફરી = માછલી, મીન

શમ = મનોનિગ્રહ, મન ઉપરનો સંયમ

શમતાં = શમી જતાં, શાંત થઇ જતાં

શર્મ = કલ્યાણ

શર્મદ = કલ્યાણ કરનાર

શર્વ = શિવ

શંકરી = શંકરની, શંકર જેવી

શંકાવર્તે = શંકાના વમળમાં, શંકાવમળે

શાખન = શાખા, ડાળી

શાતા = શાંતિ, ઠંડક, ટાઢક

શાપ = શ્રાપ

શાસ્તર = શાસ્ત્ર

શિરજોર = માથાભારે

શિવ = કલ્યાણ, ભગવાન શંકર

શિશુ = બાળક

શીકર = પાણીના ફોરાં, છાંટા

શીલ = શિયળ, ચારિત્ર્ય

શીલવર્મ = ચારિત્ર્યરૂપી બખ્તર

શીષ = શીર્ષ, માથું, મસ્તક

શુક્તિ = છીપ, છીપોલી

શુચિર્ભૂત = પવિત્ર (શુચિ) થઇને (ભૂત)

શુષ્ક = સૂકું, લુખું, નીરસ

શૂદર = શુદ્ર, હલકી વર્ણનું

શૂન્યશિખર = મસ્તકમાં રહેલું સહસ્રદળ કમળ, બ્રહ્મરંધ્ર

શૂલી = જેના હાથમાં ત્રિશૂલ છે એ, શંકર

શૌકશરાબે = ઇશ્વરી આનંદનો શરાબ

શ્યાળ = શિયાળ, અનાત્માકાર વૃત્તિરૂપી શિયાળ

શ્રવણ = કાન, સાંભળવું

શ્રાન્ત = થાકેલો

શ્રુતિ = વેદ, ઉપનિષદ, કાન

શ્રેય = જેમાં સાચું કલ્યાણ રહેલું છે તે, મોક્ષ

શ્રોતવ્ય = સાંભળવા યોગ્ય

## ષ

ષટ્શાત્રુ = છ (ષટ્) શત્રુઃ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર

ષડ્ = છ

ષંઢા = નપુંસક, પવૈયો

## સ

સકલાર્તિહા = બધા (સકલ) દુઃખો (આર્તિ) હરી લેનાર (હા)

સખુન = શબ્દ, બોલ, વેણ, વચન

સખ્ય = મિત્રતા, ભાઇબંધી

સજદા = પૂજા

સજાયા = અસ્તરો

સઢિયા = સઢ

સદ્ગુરુબાળ = જેના ઉપર સદ્ગુરુનો પંજો પડેલો છે તેવો, ગુરુનિષ્ઠ સાધક

સદ્ગુરુ સાન = સદ્ગુરુનો ઈશારો, સદ્ગુરુનો સંકેત

સબેર = સવાર

સમરો = યાદ કરો, સ્મરો

સમુંદર = સાગર, દરિયો, પરમાત્માનું સર્વવ્યાપી સ્વરૂપ

સમ્રાટ = બાદશાહ

સરજનહારો = સર્જનહાર, પેદા કરનાર પરમાત્મા

સરન = શરણ

સરોજ = કમળ

સલૂના = એકલો, સુંદર, મનોહર

સવિતા = સૂર્ય, ભાનુ

સર્ષપ = રાઇ

સહબત = સોબત, સંગ

સહસ્રદ્વય = બે (દ્વય) હજાર (સહસ્ર)

સહસ્રારનિવાસી = સહસ્રકમળમાં વસનાર

સંઘાત = સમૂહ, સાથે, જોડે

સંચિત = એકઠા થયેલા, જે કર્મ ફળ આપવા તૈયાર નથી તેવા એકઠા થયેલા કર્મોનો સમૂહ

સંસૃતિ = સંસાર, જન્મમરણના પ્રવાહરૂપ સંસાર

સંસૃતિગંજના = સંસારને જીતનાર (ગંજના)

સાખ = સાક્ષી, ઝાડ પર જ પાકેલું ફળ

સાજની = સજની, સહિયર

સાતે જઈ = મેઘધનુષ્યના સાતે રંગ

સાદ = અવાજ, બૂમ

સાધ = સાધુ, સંત, સાધુવૃત્તિવાળા

સાધુ = સાધુવૃત્તિવાળા, શમદમાદિ સાધનસંપન્ન

સાન્ત = અન્તવાળી

સાન્તતા = અન્તના ગુણવાળી

સારી = (હિંદીમાં) સાડી

સાલેમ = જેરુસલેમ, ખ્રિસ્તી લોકોની જાત્રાનું મુખ્ય મથક

સાહેબ = પરમાત્મા

સાંઇ = સ્વામી, જગતનો નાથ, પરમાત્મા

સાંગડ = તુંબડાનો તરાપો

સાંપડ્યો = જડ્યો, મળ્યો

સીઝે નહિ = ચડે નહિ

સિરગુણ = સગુણ

સિરમુંડ = માથું મૂંડાવી નાંખવું, મૂંડન

સિંધુ = સમુદ્ર

સુખમણ = સુષુમ્ણા નાડી, બરડાની કરોડ વચ્ચે થઇને બ્રહ્મરંધ્ર તરફ જતી નાડી

સુજાત = ખાનદાન, સારા કુળમાં જન્મેલા, કુલીન

સુજ્ઞ = ડાહ્યો, સમજુ

સુતર્ષભ = શ્રેષ્ઠ પુત્ર

સુદંગ = આશ્ચર્ય ચકિત

સુધ = સંભાળ, ભાન, શુદ્ધિ

સુધા = અમૃત

સુધાસમ = અમૃત જેવી

સુધી = ભાન, ખબર

સુધૌત = એકદમ સ્વચ્છ

સુન્ના = સોનું

સુપને = સ્વપ્નમાં

સુપ્તિ = નિંદ્રા, ઊંઘ

સુપૂત = અતિ (સુ) પવિત્ર (પૂત)

સુમ = ફૂલ, પુષ્પ

સુમન = ફૂલ

સુમુખ = સારા (સુ) મુખવાળો

સુર = દેવ, ધ્વનિ, અવાજ

સુર = સૂર્ય, સૂરજ

સુરત = સજાતીય વૃત્તિનો એકધારો પ્રવાહ

સુરત સાંડસે બાંધુ = સુરતરૂપી સાણસી (સાંડસ)થી મનને બાંધવું

સુરધનુ = મેઘધનુષ્ય

સુરધેનુ = કામધેનુ, સુરભિ, ગાય

સુરબાજા = દિવ્યવાજા, દિવ્ય અનાહત નાદ

સુરભિ = ગાય, કામધેનુ (ગાય), કામદુધા

સુરવર = દેવો, ઈન્દ્ર, શ્રેષ્ઠ (વર) દેવ

સુરવરગણ = દેવોનો સમૂહ

સુરસિંધુ = ગંગા નદી

સુરસુંદરી = અપ્સરાઓ

સુરંગ = સારો રંગ, શોભનીય રંગ

સુરાધિપ = ઇંદ્ર, દેવો(સુર)નો સ્વામી(અધિપ)

સુરાસુર = દેવ (સુર) અને રાક્ષસ (અસુર)

સુશ્રુત = જૂના ધૂરંધર વૈદ્યનું નામ

સુસાજ = સુંદર શણગારવાળો

**સુહાના** = સુંદર, સરસ

**સુહાય** = શોભે

**સૂકર** = ડુક્કર, સૂવર

**સૂક્ષમરાહ** = બંકનાળને (વિકટ) રસ્તે

**સૂટ** = ફેંકી દઈને

**સૂધ** = સંભાળ, શુદ્ધિ, ભાન

**સૂનુ** = પુત્ર, દીકરો

**સૂર** = (૧) સૂર્ય- સર્વ શાસ્ત્રોના આધારભૂત બ્રહ્માનુભવરૂપ પ્રકાશ
(૨) સત્શાસ્ત્રોરૂપી વાજીંત્રોમાં ગૂંજી રહેલ જીવ-બ્રહ્મની એકતાનો સૂર

**સૂરત** = ચહેરો, સ્વરૂપ

**સૂરત નૂરતકી** = વિજાતીય (દેહાદિવિષયક) વૃત્તિઓનો તિરસ્કારપૂર્વક સજાતીય (જીવ-બ્રહ્મ ઐક્યતા વિષયક) વૃત્તિઓનો અખંડ એકધારો પ્રવાહ

**સૂરિજનો** = જ્ઞાનીઓ, મુનિજનો

**સેજ** = પથારી, શૈયા

**સેતાન** = (લોભરૂપી) રાક્ષસ

**સેનાની** = લશ્કરનો વડો, સેનાપતિ (એકાગ્ર મનરૂપી)

**સોઈ** = એ જ, તે જ

**સોમભ્રાતા** = ચંદ્રનો ભાઈ

**સોહંગ** = સોહમ્‌નું અપભ્રંશ, અભણ લોકો એવો ઉચ્ચાર કરે છે

**સ્થાણુરૂપી** = અચલ, શિવસ્વરૂપ

**સ્તનંધય** = ધાવણું બાળક

**સ્નેહ** = તેલ, ઘી, પ્રેમ

**સ્મર્તૃગામી** = સ્મરણ કરતાંની સાથે આવી મળનાર, સ્મરણ કરતાંની વારમાં પ્રગટ થનાર, હાજર થનાર

**સ્યાના** = શાણા, ડાહ્યા

**સ્વન** = અવાજ

**સ્વર્ગંધર્વ** = સ્વર્ગના ગાનારા

**સ્વર્ગેય** = સ્વર્ગ પણ

**સ્વસ્થાક્ષ** = સાબુત, સ્વસ્થ ઈંદ્રિય (અક્ષ)વાળો

**સ્વંગ** = સારું (સુ) અંગ

**સ્વાધીન** = પોતાના વશમાં, પોતાના કાબુમાં

**સ્વાધ્યાય** = નિત્ય પાઠ, મંત્રજાપ

**સ્વાતીઋક્ષે** = સ્વાતી નક્ષત્રમાં (ઋક્ષે)

**સ્વાનંદરત** = નિજાનંદમાં મસ્ત

**સ્વાન્તવૃંદાવને** = અંતઃકરણરૂપી વૃંદાવનમાં

**સ્વાન્ત** = અંતઃકરણ

**સ્વાંગ** = પોષાક, શણગાર, વેશ

**સ્વૈર** = જેને જેમ ફાવે તેમ

**સ્વૈરસમાધિ** = ફાવે તેવા વર્તન અથવા સ્થિતિમાં મનની અભંગ બ્રહ્માત્વભાવે સ્થિતિ

**સ્હેજસમાધિ** = સમાધિનો એક પ્રકાર, મનની સહજ નિરાલંબ સ્થિતિ

## હ

**હક** = પરમાત્મા

**હકીકી** = ઈશ્વરીય, પારમાર્થિક, ઈશ્વરી પ્રેમ

**હઠ અને રાજથી** = હઠયોગ, રાજયોગ (મંત્રયોગ અને લયયોગ)

**હથ્થ** = હાથ

**હરખે** = આનંદ પામે

**હરધી** = પરમેશ્વર(હર+ધી)

**હરા** = લીલો રંગ

**હરિ** = સિંહ, વાનર, ઘોડો, વિષ્ણુ

**હરિગર્જના** = સિંહ (હરિ)ની ગર્જના

**હરિ બિરહે** = ઈશ્વરના વિરહમાં

**હરી** = હરી લેવું, લીલું

**હલૈયા** = હલેસાં

**હંડા** = હાંડો, મોટો ઘડો

**હાઉ-હૂ હૂ** = સામ અને ગંધર્વજ્ઞાન

**હાટે** = (જગતરૂપી) બજારમાં, હટવાડામાં

**હાથકટા** = ઠૂંઠો, કપાયેલા હાથવાળો

**હાન** = નષ્ટ

**હામ** = હિંમત

**હારી** = (કંઠમાં) હારવાળા

**હાલી** = હાળી, ખેડૂત

હાળી = ખેડૂત, હળ ચલાવનાર

હાંડી = જૂના સમયમાં પ્રકાશ માટે દીવો રખાય તેવું શોભારૂપ લટકતું કાચનું કુંડું

હિરદા = હૃદયમાં

હુજડે = ઓરડામાં

હુજડો = ઓરડો

હુસન = પરમાત્મા

હુસન દીદાર = પરમાત્માના દિવ્ય સ્વરૂપનાં દર્શન (દીદાર)

હુરી = સ્વર્ગની સુંદરી, અપ્સરા

હૃદ્ = હૃદય

હૃદ્પાત્ર = અંતઃકરણરૂપી કોડિયું

હૃદ્સર = અંતઃકરણરૂપી સરોવર, હૃદયરૂપી સરોવર

હેડ = ઊઠાવવું (નિમાડી શબ્દ છે)

હેરી = હેલી, હે સખી, મદદગાર

હેરો = દેખ્યું, જોયું

હેલી = સતત ભારે વરસાદ

હેલો = ધક્કો ખાનાર, હડસેલો

હોલામાંથી ચૂલામાં = ચૂલાની આગળનો ભાગ તે હોલો, જ્યાં ગરમી ઓછી હોય, ઓછી મુશ્કેલીમાંથી મોટી મુશ્કેલમાં જવું

●

# નિર્વિઘ્ને પૂરો આ કરજો પ્રસંગ

નિર્વિઘ્ને પૂરો આ કરજો પ્રસંગ,
   કૃપા તારી યાચવા આવ્યો છું રંગ ... ટેક.
આજે પારાયણમાં અવધૂતી આનંદ... કૃપા તારી.

અવધૂતના અનુભવની અમૃતવાણી,
   પ્રેમથકી ભક્તિની ફૂટે સરવાણી,
શ્રદ્ધાથી ગાન થતા તુટે ભવબંધ... કૃપા તારી.

જ્ઞાન કર્મ ઉપાસના સંગમનું સ્નાન છે,
   જન્મમૃત્યુ જરાહરે રંગનું વરદાન છે,
પૂર્વ જન્મ પુણ્યફળે મળે ભજનાનંદ... કૃપા તારી.

સર્વ સામર્થ્યનું મૂળ ભજન જાણો,
   **પાપીગણુ** ભજનમહીં પરમાનંદ માણો,
**રંગગુરુ!** માત, તાત તું જ ભગવંત... કૃપા તારી.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

●

# ભજન

**ભજન** કર્યે સુખ ઉપજે **ભજન** કર્યે દુઃખ જાય,
**ભજન** કર્યે ભાવટ ટળે, ભૂધરને ભેટાય.

•

જેને **ભજન** સાથે કામ, તેને ચર્ચા છે હરામ.

•

જ્યાં લગ સ્વસ્થ દૃઢ આ વપુ, કરવું પુણ્ય અમાપ,
**ભજન** કરી ભગવાનનું થાવું નિઃસંતાપ.

•

જેવું જેનું આચરણ તેવું થાય સ્મરણ,
માટે ચેતી પ્રથમથી કરવું સદા **ભજન**.

•

ભલે રહે સંસારમાં, ચૂકે **ભજન** ન જેહ,
ના પસ્તાયે એ કદિ, એમાં ના સંદેહ.

•

લગાડ લગની **ભજન**ની, જગાડ આત્મવિવેક,
ભગાડ ભેદો, જે થકી થાઉં અસંગ છેક.

•

સુરત-નૂરત :

સુરત : સજાતીય વૃત્તિનો (જીવ-બ્રહ્મની એકતા વિષયક) એક ધારો પ્રવાહ તે સુરત કે સુરતા કહેવાય.

નૂરત : વિજાતીય વૃત્તિનો (દેહાદિ વિષયક) તિરસ્કાર પૂર્વકનો પ્રવાહ તે નૂરત કહેવાય

શૂન્ય શિખર : બ્રહ્મરંધ્ર અથવા સહસ્રદળકમળ અથવા સહસ્રાર અથવા દશમ દ્વાર.

પ્રાણાયામ : પૂરક, કુંભક અને રેચક

પૂરક : ઊંડો શ્વાસ લેવો - શ્વાસ શરીરમાં પૂરવો તે પૂરક કહેવાય.

કુંભક : લીધેલા શ્વાસને શરીરમાં રોકી રાખવો તે કુંભક કહેવાય.

રેચક : રોકેલા શ્વાસને ધીરે ધીરે છોડવો તે રેચક કહેવાય.

પાંચ કોષ : આત્માને ઢાંકનાર પાંચ કોષ છે. અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ.

ત્રણ ગ્રંથી : બ્રહ્મગ્રંથી, વિષ્ણુગ્રંથી અને રુદ્રગ્રંથી.

ત્રણ ગુણો : સત્ત્વ, રજસ અને તમસ.

ચાર મહાવાક્યો :

જીવ અને બ્રહ્મની એકતાનું કથન કરનાર વાક્યને મહાવાક્ય કહેવાય. અહં બ્રહ્માસ્મિ, અયમાત્મા બ્રહ્મ, તત્ત્વમસિ અને પ્રજ્ઞાનં બ્રહ્મ એ ચાર મહાવાક્યો છે.

મુખ્ય ત્રણ નાડી : ઈડા, પિંગલા અને સુષુમ્ણા

ઈડા એટલે ડાબા નસકોરામાં રહેલી નાડી. એને ચંદ્રનાડી પણ કહે છે, પિંગલા એટલે જમણા નસકોરામાં રહેલી નાડી. એને સૂર્ય નાડી પણ કહેવામાં આવે છે.

સુષુમ્ણા એટલે ઉપરની બે નાડીની વચ્ચે રહેલી નાડી જે બ્રહ્મરંધ્રમાં જાય. એને સુખમણ નાડી પણ કહે છે.

આ ત્રણે નાડીને અનુક્રમે ગંગા, જમુના અને સરસ્વતી પણ કહેવામાં આવે છે.

ત્રિકુટી : ઈડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓ જ્યાં ભેગી થાય તે આંખના બે ભવાં વચ્ચેની જગા. એને જ પ્રયાગ કે સંગમ પણ કહેવામાં આવે છે.

બંકનાળ : વાંકી (બંક) નેળ. ત્રિકુટી ઉપરનો સુષુમ્ણાનો વક્ર (વિષમ) માર્ગ

અંતઃકરણ : શરીરની અંદર (અંતઃ) રહેલું સાધન (કરણ). અંતઃકરણની ચિંતન કરવાની વૃત્તિને ચિત્ત કહેવાય.

મન : અંતઃકરણની સંકલ્પ-વિકલ્પ કરવાની વૃત્તિને મન કહેવાય.

બુદ્ધિ : અંતઃકરણની નિશ્ચય કરવાની વૃત્તિને બુદ્ધિ કહેવાય.

અહંકાર : અંતઃકરણની આ હું (અહં) કરું છું એવી કારક વૃત્તિને અહંકાર કહેવાય.

શૂન્ય કે સૂન : ત્રિકુટીની ઉપર સુરતી ચઢવા માંડે ત્યારે દશ્યના વિલયરૂપ અંધકારમય પ્રદેશ.

મહાસૂન : સૂન ઉપરનો દશ્યના આત્યંતિક વિલયરૂપ અત્યંત અંધકારમય પ્રદેશ તેને મહાસૂન કહેવાય.

દશ વિધનાદ : ચિણી (તમરાના જેવો), ચિંચિણી (ચકલાના જેવો), ઘંટ જેવો, શંખ જેવો, વીણા જેવો, તાલ જેવો, વાંસળી જેવો, તબલા જેવો, ભેરી જેવો અને મેઘ જેવો. મુમુક્ષુએ હંમેશા મેઘનાદનો અનુભવ કરવો.

ષટ્ (છ) ચક્ર : મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધ ચક્ર અને આજ્ઞાચક્ર.